અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ ઓક્ટોબર ૨૦૨૩, બુધવાર
વિક્રમ સંવત ૨૦૭૯, આસો સુદ અગિયારસ

વર્ષ : ૧૫
અંક : ૯૦

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ગાઝા પટ્ટી પર ગ્રાઉન્ડ એટેકની ઈઝરાયેલની સંપૂર્ણ તૈયારી

# ૫૦ બંધકોને છોડવા ફ્યુઅલ સપ્લાયની હમાસની માગ ઈઝરાયેલે ફગાવી દીધી

## ૨૨૦ બંધકોને છોડી દીધા બાદ જ ઈંધણ સપ્લાય મંજૂરી આપવા ઈઝરાયેલ મક્કમ, ગાઝા પટ્ટી પર વિમાની હુમલા ચાલુ રાખવાનો ઈઝરાયેલનો હુંકાર

। જેરુસલેમ,તા.૨૪ ।

ઈઝરાયેલ-હમાસ વચ્ચે ૧૮ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. હમાસે શરૂ કરેલા હુમલા બાદ ઈઝરાયેલે પણ હમાસને ખતમ કરવાની સોગંધ ખાઈ સતત બોંબમારો ચલાવી રહ્યું છે. બંને દેશો તરફથી એકબીજા વિરુદ્ધ ભારે ખુંવારી સર્જાઈ રહી છે. ઈઝરાયેલી સૈનિકોએ ગાઝા પટ્ટી પર ગ્રાઉન્ડ એટેક કરવાની સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે, તો ઈઝરાયેલી સેનાને જવાબ આપવા હમાસે મોટી ફોઝ તૈનાત કરી હોવાનો દાવો કર્યો છે. જોકે ગ્રાઉન્ડ એટેક શરૂ થાય તે પહેલા હમાસે બાનમાં લીધેલા લોકોને છોડવા ઈઝરાયેલ સમક્ષ મોટી ડિમાન્ડ મુકી છે, જેને ઈઝરાયેલે પણ ઈક્રાર કરી દીધો છે.

યુદ્ધ વચ્ચે હમાસે સોદાબાજી શરૂ કરી દીધી છે અને બે નાગરિકતા ધરાવતા ૫૦ બંધકોને છોડવા ઈઝરાયેલ સમક્ષ ડિમાન્ડ મુકી છે. હમાસે ઈઝરાયેલ સમક્ષ ફ્યુલ સપ્લાયની ડિમાન્ડની માંગ કરી છે, જોકે ઈઝરાયેલે ઈક્રાર કરી દીધો છે. ઈઝરાયેલે કહ્યું કે, ૨૨૦ બંધકોને છોડી



દીધા બાદ જ ઈંધણ સપ્લાય મંજૂરી આપશે. દરમિયાન ૭મી ઓક્ટોબરે હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં અત્યાર સુધીમાં ૧૪૦૦થી વધુ લોકોના મોત થયા, ત્યારબાદ હમાસે સેંકડો ઈઝરાયેલીઓ અને વિદેશી નાગરિકોને બંધક બનાવ્યા હતા, જેને હમાસના આતંકવાદીઓએ ગાઝા પટ્ટીમાં રાખ્યા છે. જોકે કેટલાક બંધકોને છોડી દેવામાં આવ્યા છે અને હજુ પણ ૨૨૦ નાગરિકો હમાસના કબજામાં છે. હમાસના હુમલા બાદ ઈઝરાયેલે પણ ગાઝા પટ્ટીમાં જવાબી કાર્યવાહી કરી હતી. ઈઝરાયેલે ગાઝા પટ્ટીની નાકાબંધી કરતા અનાજ, પાણી અને ઈંધણની સપ્લાય પણ અટકાવી દીધી. આવી સ્થિતિમાં હમાસ ૫૦ બંધકો છોડવા બદલ ઈંધણ સપ્લાય શરૂ કરવાની ઈઝરાયેલને ડિમાન્ડ કરી રહ્યો છે.

એક વરિષ્ઠ રાજદ્વારી અધિકારીને ટાંકીને ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયેલના અહેવાલમાં જણાવાયું છે કે, કતાર અને ઈજિપ્તના માધ્યમથી ઈઝરાયેલ-હમાસ વચ્ચે ૫૦ બંધકોનો છોડવાની વાતચીત ચાલી રહી છે. અગાઉ ધ વૉલ સ્ટ્રીટ જર્નલના અહેવાલમાં જણાવાયું હતું કે, હમાસે ગાઝામાં ઈંધણની મંજૂરી આપવા બદલ બે નાગરિકતા ધરાવતા ૫૦ નાગરિકોને છોડી દેશે, તેવી ડિમાન્ડ ઈઝરાયેલ સમક્ષ મુકી છે. એવું મનાય છે કે, તમામ ૨૨૦ બંધકો હમાસના કબજામાં નથી, કારણ કે અગાઉ પેલેસ્ટાઈની ઈસ્લામિક જિહાદે દાવો કર્યો હતો કે, તેની પાસે ૩૦ બંધકો છે. ઈસ્લામિક જિહાદના આતંકવાદીઓ પણ ૭ ઓક્ટોબરે ઈઝરાયેલ પર થયેલા હુમલામાં સામેલ થયા હતા.

### ન્યૂઝ બ્રિફ

#### બંધારણના પ્રથમ પૃષ્ઠ પર રામ : મોહન ભાગવત



। નવી દિલ્હી, તા.૨૪ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ મંગળવારે (૨૪ ઓક્ટોબર ૨૦૨૩) વિજયાદશમીના રોજ તેનો ૯૫મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. આ પ્રસંગે સંઘ કાર્યકર્તાઓને સંબોધતા સર સંઘ પ્રમુખ મોહન ભાગવતે કહ્યું કે, મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રી રામ એ ધર્મની ગરિમા છે. આપણે તેમના ચરિત્રને અનુસરવું જોઈએ જેથી દેશને કટ્ટરતાથી બચાવી શકાય. તેમણે કહ્યું કે, કટ્ટરતા ધાર્મિક કટ્ટરતાને જન્મ આપે છે. મોહન ભાગવતે કહ્યું, દર વર્ષે ભારતીયોનું ગૌરવ વધી રહ્યું છે.

#### દશેરા પર રેલ કર્મીઓને દિવાળી, મોંઘવારી ભથ્થામાં ચાર ટકાનો વધારો

। નવી દિલ્હી, તા.૨૪ ।

કેન્દ્ર સરકારે છ દિવસ પહેલા જ કેન્દ્રિય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો હતો ત્યારે હવે આજે દશેરાના પર્વે જ રેલવે બોર્ડે પોતાના કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં ચાર ટકાનો વધારો કરવાની જાહેરાત કરી છે.આ જાહેરાત સાથે જ રેલવે કર્મચારીઓનું મોંઘવારી ભથ્થુ મૂળ પગારના ૪૬ ટકા સુધી વધી જશે. પહેલા કર્મચારીઓને મૂળ પગારના ૪૨ ટકા જ ડીએ મળતું હતું. આ વધારો ૧ જુલાઈ ૨૦૨૩થી જ અમલમાં આવશે અને કર્મચારીઓને બાકીના પગારમાં વધારાનો ડીએ મળશે.

#### તમિલનાડુમાં બસ સાથે કાર ટકરાતાં ૫ શ્રમિક સહિત સાતનાં મોત

। ચેંગમ, તા.૨૪ ।

તમિલનાડુમાં તિરુવન્ન મલાઈ જિલ્લામાં બસ અને કાર વચ્ચે ભયંકર અકસ્માત થયો છે, જેમાં ૫ શ્રમિકો સહિત ૭ લોકોના મોત દર્દનાક મોત નિપ જ્યા છે. આ અકસ્માત જિલ્લાના ચેંગમ પાસે તિંડીવનમ-કૃષ્ણાગિરી હાઈવે પર સર્જાયો છે. પોલીસના જણાવ્યા અનુસાર, તિંડીવનમ-કૃષ્ણાગિરી હાઈવે પર સોમવારે મોડી રાર્તે એક એસયુવી કાર તમિલનાડુ રાજ્ય પરિવહન નિગમની બસ સાથે અથડાઈ છે, જેમાં ૫ શ્રમિકો સહિત ૭ લોકોના મોત નિપજ્યા છે.

### વિધાનસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે

## સીએમ ભૂપેશ બઘેલની ખેડૂતો માટે મોટી જાહેરાત

#### અમારી સરકાર બન્યા બાદ તેઓ જાતિની વસ્તી ગણતરી કરાવશે, તેમણે ૧૭.૫ લાખ પરિવારોને ઘર આપવાનું પણ વચન આપ્યું છે

। નવી દિલ્હી, તા.૨૪ ।

છત્તીસગઢ વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. આ દરમિયાન છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે ખેડૂતો માટે મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું છે કે સત્તામાં આવ્યા બાદ તેમની પાર્ટી ૨૦૧૮ની જેમ ફરીથી ખેડૂતોની લોન માફ કરશે. છત્તીસગઢના સીએમ ભૂપેશ બઘેલે શક્તિ જિલ્લામાં આ જાહેરાત કરી છે.

આ દરમિયાન તેમણે કહ્યું કે અમારી સરકાર બન્યા બાદ તેઓ જાતિની વસ્તી ગણતરી કરાવશે. તેમણે ૧૭.૫ લાખ પરિવારોને ઘર આપવાનું પણ વચન આપ્યું છે. તમને જણાવી દઈએ કે છત્તીસગઢમાં પહેલા તબક્કાના મતદાનમાં લગભગ ૨ અઠવાડિયા બાકી છે. ૨૦ વિધાનસભા બેઠકો પર પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ૭ નવેમ્બરે મતદાન છે. છત્તીસગઢમાં બીજા તબક્કાનું મતદાન ૧૭ નવેમ્બરે છે. બીજા તબક્કામાં ૭૦ બેઠકો માટે મતદાન થશે. તેથી ચૂંટણીના



પરિણામો ૩ ડિસેમ્બરે જાહેર થશે. વાસ્તવમાં તમામ પાર્ટીઓ ચૂંટણીને લઈને પોતાની પૂરી તાકાત લગાવી રહી છે. વચનો પણ આપી રહ્યા છે.

આ દરમિયાન છત્તીસગઢના સીએમ બઘેલ જનતાને સંબોધતા જોવા મળ્યા હતા. આ દરમિયાન તેમણે જનતાને અનેક વચનો પણ આપ્યા હતા. તેમણે કહ્યું કે જો રાજ્યમાં તેમની સરકાર બનશે તો તેઓ ૨૦ ક્વિન્ટલ ડાંગર ખરીદશે અને લાખો પરિવારોને આવાસ પણ આપ શે. ૨૦૧૮માં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને બહુમતી મળી હતી. આ વખતે, પ્રથમ તબક્કામાં જે ૨૦ બેઠકો પર મતદાન થશે, તેમાંથી કોંગ્રેસે ૧૭ બેઠકો પર જીત મેળવી હતી.

### એઆઈએમઆઈએમના ચીફની ફરી વિવાદાસ્પદ હરકત

## હૈદરાબાદમાં અસદુદ્દીન ઓવૈસીએ પેલેસ્ટાઈનના સમર્થનમાં નારા લગાવ્યા

#### ઈઝરાયેલની સેના ગાઝા પર અત્યાચાર કરી રહી છે અને આ બંધ થવું જોઈએ એવો નેતાએ અભિપ્રાય વ્યક્ત કર્યો

। હૈદ્રાબાદ,તા.૨૪ ।

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીનના ચીફ અસદુદ્દીન ઓવૈસી હૈદરાબાદમાં જુસ્સાદાર નારા લગાવતા જોવા મળ્યા છે. તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે પેલેસ્ટાઈનના પક્ષમાં નારા લગાવતા જોવા મળી રહ્યા છે. એઆઈએમઆઈએમ દ્વારા પેલેસ્ટાઈનના સમર્થનમાં એક મોટી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ઘણા મુસ્લિમ ધાર્મિક નેતાઓએ હાજરી આપી હતી.

અસદુદ્દીન ઓવૈસી ઈઝરાયેલ-હમાસ યુદ્ધ પર સતત પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે, તેમનું કહેવું છે કે ઈઝરાયેલની સેના ગાઝા પર અત્યાચાર કરી રહી છે અને આ બંધ થવું જોઈએ. ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ પર એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસીનું કહેવું છે કે પેલેસ્ટાઈનને પોતાનું સ્વતંત્ર રાષ્ટ્ર હોવું જોઈએ. તેમણે મીડિયા સાથે વાત કરતાં તેમણે કહ્યું કે હું મારા દેશના લોકોને કહેવા માંગુ છું કે મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે પેલેસ્ટાઈન એ આરબોની ભૂમિ છે, જેમ ઈંગ્લેન્ડ અંગ્રેજોની ભૂમિ છે અને ફ્રાન્સ ફ્રેન્ચોની ભૂમિ છે. અમને હંમેશા લાગતુ હતુ



કે પેલેસ્ટિનિયનોનું પોતાનું સ્વતંત્ર રાષ્ટ્ર હોવુ જોઈએ. ઓવૈસીએ ઈઝરાયેલ પર છેલ્લા ૮૦ વર્ષથી પેલેસ્ટાઈનની જમીન પર કબજો કરવાનો આરોપ લગાવ્યો હતો.

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (એઆઈએમઆઈએમ)ના ચીફ અસદુદ્દીન ઓવૈસીએ વધુમાં કહ્યું હતું કે ભારતે હંમેશા પેલેસ્ટાઈનના લોકોનું સમર્થન કર્યું છે. ભારતને હંમેશા એવું લાગતું હતુ કે પેલેસ્ટાઈનીઓને પોતાનું સ્વતંત્ર રાષ્ટ્ર હોવું જોઈએ. યુદ્ધ શરૂ થયાના દિવસો પછી ઓવૈસીએ પેલેસ્ટાઈન અને ગાઝાની પ્રશંસા કરી અને હિંસાની નિંદા કરી હતી. ઓવૈસીએ એક્સ (અગાઉનું ટ્વિટર) પરની એક પોસ્ટમાં જેરુસલેમની અલ-અક્સા મસ્જિદનો ફોટો શેર કર્યો હતો.

### ગાઝાપટ્ટી પર જમીની આક્રમણની ઈઝરાયેલની ધમકી

## 3 લાખ સૈનિકો જમીની આક્રમણ માટે સજ્જ, યુએસને લીધે ઈઝરાયેલ અટક્યું

#### અમેરિકાએ ઈઝરાયેલને ગાઝા પટી પર આક્રમણ નહીં કરવાની સલાહ આપી છે

। તેલ અવીવ,તા.૨૪ ।

હમાસ સાથે યુધ્ધ વચ્ચે ઈઝરાયેલ છેલ્લા કેટલાક દિવસોથી ગાઝા પટ્ટી પર જમીની આક્રમણની ધમકી આપી રહ્યુ છે પણ હજી સુધી તેણે પોતાની ધમકી પર અમલ કર્યો નથી.અત્યારે બોર્ડર પર ત્રણ લાખ ઈઝાયેલી સૈનિકો સ્ટેન્ડબાય ઉભા છે અને આખી દુનિયા અધ્ધરશ્વાસે આ સ્થિતિને નિહાળી રહી છે. જોકે એવુ જાણવા મળ્યુ છે કે, અમેરિકાએ ઈઝરાયેલને ગાઝા પટી પર આક્રમણ નહીં કરવાની સલાહ આપી છે. સાથે સાથે પેલેસ્ટાઈન સાથે વાટાઘાટો કરવા માટે કતારને મધ્યસ્થી તરીકે રાખવા માટે પણ શિખામણ આપી છે.

અમેરિકા હમાસે બંધક બનાવેલા મહત્તમ લોકોના છુટકાર માટે અને આ યુધ્ધ અન્ય દેશો સુધી ના પહોંચે તે માટે પ્રયત્ન કરી રહ્યુ છે. સાથે સાથે અમેરિકા એવુ પણ માની રહ્યુ છે કે, ઈઝરાયેલને પોતાની રક્ષા કરવાનો અધિકાર છે.અમેરિકાનુ ફોકસ હમાસે બંધક બનાવેલા મહત્તમ નાગરિકોને છોડાવવાનુ છે. હમાસે સોમવારે વધુ બે બંધકોને છોડી મુકયા છે.જોકે હમાસના કબ્જામાં હજી પણ ૨૦૦થી વધારે લોકો હોવાનુ મનાઈ રહ્યુ છે.

### ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચે ચીને પોતાના જ નિવેદન પર પલટી મારી

## ઈઝરાયેલને પોતાની આત્મરક્ષા કરવાનો અધિકાર છે : ચીન

। બીજીંગે,તા.૨૪ ।

ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચે ચીને પોતાના જ નિવેદન પર પલટી મારી છે. અત્યાર સુધી પેલેસ્ટાઈનનું સમર્થન કરી રહેલા ચીને હવે ઈઝરાયેલ પરના હુમલા અંગે મોટું નિવેદન આપ્યું છે. ચીને હમાસે ઈઝરાયેલ પર કરેલા બર્બરતાપૂર્વકના હુમલાની ટીકા કરી ન હતી, જોકે હવે તેણે સ્વિકાર કર્યો છે કે, ઈઝરાયેલને પોતાની આત્મરક્ષા કરવાનો અધિકાર છે. ઈઝરાયેલના વિદેશમંત્રી એલી કોહેને ચીનના વિદેશમંત્રી વાંગ યી સાથે ટેલીફોન પર વાત કરી હતી. આ વાતચીત બાદ ચીનની સરકારી મીડિયાએ વાંગના ટાંકીને ઉપરોક્ત નિવેદન જારી કર્યુ છે.

ચીનની સરકારી મીડિયાના જણાવ્યા અનુસાર, વાંગ યીએ ઈઝરાયેલના વિદેશમંત્રીને કહ્યું કે, 'તમામ દેશોને પોતાની આત્મરક્ષા કરવાનો અધિકાર છે, જોકે તે આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાઓ અને નાગરિક સુરક્ષાના નિયમોનું પણ પાલન થવું જોઈએ.' ઉલ્લેખનિય છે કે, અમેરિકા અને યૂરોપીય દેશોના નિવેદનની જેમ ચીને પણ ઈઝરાયેલની કાર્યવાહીનું સમર્થન કર્યુ છે.

### હમાસના આતંકીઓની ક્રૂરતાનો વધુ એક પુરાવો

## લાશ પર પણ ગોળીઓ વરસાવવાનું ચાલુ રાખ્યાની આતંકીની કબૂલાત

। તેલ અવીવ,તા.૨૪ ।

સાત ઓક્ટોબરે દક્ષિણ ઈઝરાયેલ પર હમાસે કરેલા હુમલામાં આતંકીઓએ કઈ હદે ક્રુરતા આચરી હતી તેનો વધુ એક પૂરાવો સામે આવ્યો છે. ઈઝરાયેલ સિક્યુરિટી ઓથોરિટીએ સોમવારે એક વિડિયો ક્લીપ જાહેર કરી છે અને તેમાં હમાસના આતંકીઓને હુમલાની કબૂલાત કરતા જોઈ શકાય છે. હુમલામાં સામેલ કેટલાક આતંકીઓ પકડાયા બાદ તેમની પૂછપરછ દરમિયાન વાતચીત રેકોર્ડ કરવામાં આવી હતી. આ વિડિયો તેનો જ એક હિસ્સો છે. આતંકીઓની કબૂલાત ધ્રુજાવી દે તેવી છે. આ વિડિયોમાં આતંકીઓને કહેતા સાંભળી શકાય છે કે, ઈઝરાયેલી નાગરિકોને બંધક બનાવીને ગાઝામાં લાવવા બદલ ૧૦૦૦૦ અમેરિકન ડોલર તેમજ એક એપાર્ટમેન્ટના ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. ખાસ કરીને અમને વૃધ્ધ મહિલાઓ અને બાળકોનુ અપહરણ કરવા માટે સૂચના અપાઈ હતી.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !



CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper
LIVE cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

### ૫ મેગાવોટ સુધીના આલ્કલાઈન ઇલેક્ટ્રોલાઈઝર બનશે

# સાણંદમાં ૨૫૦ મેગાવોટનો હાઈડ્રોજનના આલ્કલાઈન ઇલેક્ટ્રોલાઈઝરનો પ્લાન્ટ નખાશે

। અમદાવાદ, તા.૨૪ ।

ગ્રીન્ઝો ઈન્ડિયાગુજરાતમાં રૂ. ૩૫૦૦ કરોડના ખર્ચે ૨૫૦ મેગાવોટની ક્ષમતાનો હાઈડ્રોજનના આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝર બનાવવાનો પ્લાન્ટ નાખશે. સાણંદમાં સ્થપાનારો આ પ્લાન્ટનું કામ છથી સાત મહિનામાં સુધીમાં પૂરું થઈ જવાની ધારણા છે. ગ્રીન્ઝો ઈન્ડિયાએ સતત ત્રણ વર્ષ સુધી સંશોધન કરીને આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝર ડેવલપ કર્યા છે. આ આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝન પાણીમાંના હાઈડ્રોજનના બે કણ અને ઓક્સિજનના એક કણને અલગ પાડવાની કામગીરી કરે છે. આ પ્રક્રિયા કરવા માટે માત્ર રિન્યુએબલ એનર્જીનો જ ઉપયોગ કરશે અને ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન થશે. તેમાં કોલસા જેવા ઈંધણનો વપરાશ કરાશે નહિ. તેને કારણે પેદા થતાં કાર્બનનું ઉત્સર્જન ન થતું હોવાથી તેને ગ્રીન હાઈડ્રોજન તરીકે ઓળખાવવામાં આવે છે. ગ્રીન્ઝો ઈન્ડિયા એક, બે અને પાંચ મેગાવોટના આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝર બનાવશે. કંપની કુલ મળીને વર્ષમાં ૨૫૦ મેગાવોટના આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝરનું ઉત્પાદન કરશે અને તેને માટે રૂ. ૩૫૦૦ કરોડનું મૂડીરોકાણ કરશે. કંપનીની ઉત્પ ાદન ક્ષમતા બે વર્ષના ગાળામાં બમણી કરીને ૫૦૦ મેગાવોટ કરી દેવામાં આવશે. કસ્ટમર્સની ડીમાન્ડ વધતા દર બે વર્ષે તેની ઉત્પાદન ક્ષમતા બમણી કરી દેવાનું આયોજન છે. આગામી પાંચ વર્ષમાં તેની ઉત્પાદન ક્ષમતા ૧૦૦૦ મેગાવોટ એટલે કે એક ગીગાવોટને આંબી જાય તેવું ધ્યેય રાખવામાં આવ્યું છે.

ગ્રીન્ઝો ઈન્ડિયાને આ પ્રોજેક્ટ માટે સાણંદ જીઆઈડીસીના ફેઝ ટુમાં ૧૩,૭૭૭ ચોરસ મીટર જમીનની ફાળવણી કરવામાં આવેલી છે. આ પ્રોજેક્ટ માટે જોઈતી તમામ મંજૂરીઓ ગુજરાત સરકાર તરફથી આપી દેવામાં આવી છે. સાણંદ જીઆઈડીસીમાં આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝરનું ઉત્પાદન પાંચ જ માસમાં ચાલુ કરવામાં આવશે. ગ્રીન્ઝો ઈન્ડિયાના ડિરેક્ટર કિશોર પટેલનું કહેવું છે કે, ૨૪ ઓક્ટોબર ૨૦૨૩થી કંપનીના પ્રોજેક્ટ પર કામ શરૂ થશે અને તે વહેલામાં વહેલી તકે પૂરો કરવામાં આવશે. અમારી પાસે આજની તારીખે રૂ.૧૧૦૦ કરોડના ઓર્ડર તૈયાર છે.

### નદી પર કપડા ધોતી મહિલાનો ગયો જીવ

# ગુજરાતીઓ માટે કિલર હાર્ટએટેક બે દિવસમાં ૨૧ લોકોના મોત થયા

। અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાતમાં નવરાત્રિના મહોત્સવ સમયે જ હાર્ટ એટેકના કેસ વધી રહ્યાં છે. છેલ્લા ૨ દિવસમાં જ હાર્ટ એટેકથી ૨૧ લોકોનાં મોત થયા છે. તો ઈમરજન્સી સેવા ૧૦૮માં પણ હ્રદયની સમસ્યાની ફરિયાદના કોલ વધ્યા છે. ગુજરાતમાં ગરબા રમી રહેલા લોકોએ ૧૧૦૦થી વધારે ઈમરજન્સી કોલ કર્યા છે. હાર્ટ એટેક મોત બાદ સરકાર પણ એલર્ટ થઈ છે. ગુજરાતમાં ગરબા વખતે હ્રદયની સમસ્યાના કેસમાં વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં સરેરાશ ૮૪ કેસ નોંધાઈ રહ્યાં છે. ત્યારે આજે સવારથી લઈને અત્યાર સુધી ત્રણ લોકોના હાર્ટએટેકથી જીવ ગયા છે. ગુજરાતમાં હવે હાર્ટએટેકથી ડર લાગી રહ્યો છે. ગુજરાતીઓ માટે હાર્ટએટેક હવે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. આપણા નવરાત્રિ મહોત્સવમાં પણ લોકોનો જીવ જઈ રહ્યો છે. સમગ્ર ગુજરાતમાં યુવાનોમાં હાર્ટ એટેકના ઉત્તરોત્તર કિસ્સાઓમાં વધારો થઈ રહ્યો છે. વધતા હાર્ટ એટેકના કિસ્સાઓને લઈ આરોગ્ય વિભાગનું તંત્ર પણ ચિંતામાં મુકાયું છે. ત્યારે માત્ર બે દિવસમા ગુજરાતમાં હાર્ટએટેકને કારણે ૨૧લોકોના જીવ ગયા છે. તો આજે ત્રણ લોકોને છાતીમા દુખાવો ઉપડતા મોત થયા છે. ગુજરાતમાં નવરાત્રીના ૬ દિવસમાં ગરબે રમતાં ૧૧૦૦ લોકોને તકલીફ થઈ હતી અને તેમણે ૧૦૮ પર ઘણા ઈમરજન્સી કોલ આવ્યાં હતા. ગીર સોમનાથના તાલાળામાં હાર્ટ એટેકથી બે લોકોના મૃત્યુ થયા છે. તાલાળાના રહીશ જેબુનબેન અહમદભાઈ સવારે ૧૦ વાગ્યે હિરણ નદીમાં કપડાં ધોવા ગયા હતા ને અચાનક જ હાર્ટ એટેક આવતા મૃત્યુ થયું છે. જ્યારે તાલાલા તાલુકાના ગાભા ગામના નવયુવાન નિકુંજ પરમાર નું તેમના ઘરે જ હાર્ટ એટેકથી મૃત્યુ થયું છે. હાલ યુવાનોમાં હાર્ટ એટેકના કિસ્સાઓ વધુને વધુ સામે આવી રહ્યા છે.

### શ્વાનની સંખ્યા ૩,૭૫,૦૦૦ જેટલી થઇ છે

# મ્યુનિ.કોર્પોની લાપરવાહીને કારણે અમદાવાદમાં શ્વાનનો વધતો ત્રાસ

### હાલ રોજના શ્વાન કરડવાના આશરે ૨૦૦ જેટલા કેસો બનવા પામે છે : કૂતરું કરડવાના ૨૦૨૦માં ૫૨૩૧૮ કેસો

। અમદાવાદ, તા.૨૪ ।



અમદાવાદ શહેરમાં દિન-પ્રતિદિન શ્વાનનો ત્રાસ વધતો જાય છે. જુન-૨૦૧૯માં હ્યુમન સોસાયટી દ્વારા કરાયેલ સર્વે મુજબ તે સમયે અમદાવાદ શહેરમાં આશરે શ્વાનની સંખ્યા ૨,૨૦,૦૦૦ હતી.આજે અમદાવાદ શહેરમાં શ્વાનની સંખ્યા ૩,૭૫,૦૦૦ જેટલી થઈ જવા પામેલ છે. મ્યુ.કોર્પો દ્વારા શ્વાનનું ખસીકરણ કરવા માટેનો આપેલ કોન્ટ્રાક્ટ મુજબ શ્વાનને પકડી તેનું ખસીકરણ કરી અન્ય જગ્યાએ છોડી મુકવાના હાલ પ્રતિ શ્વાન દીઠ રૂા.૯૭૬.૫૦ ચૂકવવામાં આવે છે.

છેલ્લા ત્રણ વર્ષમાં શ્વાનનું ખસીકરણ કરવા સને ૨૦૨૦-૨૧ માં ૨.૩૦ કરોડ, સને ૨૦૨૧-૨૨ માં ૨.૫૬ કરોડ અને સને ૨૦૨૨-૨૩ માં ૪.૫૦ કરોડ મળી કુલ રૂા. ૯.૩૬ કરોડનો ખર્ચ કરેલ છે. તેમ છતાં અમદાવાદ શહેરમાં શ્વાનના ત્રાસ બાબતે વિવિધ બનાવો સતત બનતા રહ્યાં છે. હાલ મ્યુનિ. કોર્પોની મુખ્ય કચેરીમાં જ્યાં મ્યુ. કમિશ્નર તથા મેયર બિરાજે છે તે સી વિંગ્સની નીચે પણ મોટા પ્રમાણમાં શ્વાનનો ત્રાસ છે.

થોડા વર્ષો પહેલાં બહેરામપુરા વોર્ડમાં આવેલ ખોડિયારનગર ચાર રસ્તાથી સુએજ ફાર્મ જતા રસ્તા ઉપર ૩૪ થી વધારે શ્વાનની લાશો રસ્તા ઉપર રઝળતી હતી. સરખેજ વોર્ડના ફતેહવાડી વિસ્તારમાં ૧૧ વર્ષની નાની ઉંમરના બાળકને એક સાથે અનેક શ્વાનોએ તેના શરીરે અનેક જગ્યાએ બચકા ભરીને લોહીલુહાણ કરેલ હતો. આમ વિવિધ ગંભીર બનાવો શ્વાનના ત્રાસને કારણે અમદાવાદ શહેરમાં બનવા પામેલ હતાં. હાલની પરિસ્થિતિએ સત્તાધારી ભાજપના રાજમાં કમનસીબે લોકોને રોડ-રસ્તા, વરસાદી પાણી, રોગચાળો જેવી બાબતોએ સાવચેત રહેવું જ પડે છે.

જેમાં વધારો થતાં હવે શ્વાનના ત્રાસ બાબતે પણ નગરજનોને સાવચેત રહેવાની ફરજ પડેલ છે. તેમ છતાં હાલ રોજના શ્વાન કરડવાના આશરે ૨૦૦ જેટલા કેસો બનવા પામે છે. કૂતરું કરડવાના સને ૨૦૨૦ માં ૫૨૩૧૮ કેસો, છેલ્લા ત્રણ વર્ષમાં સને ૨૦૨૧ માં ૫૧૮૧૨ કેસો સને ૨૦૨૨ માં ૫૯૫૧૩ કેસો મળી કુલ ૧,૬૩,૬૪૩ કેસો માત્ર મ્યુનિ. હોસ્પિટલોમાં નોંધાવા પામેલ છે. આ સાથે વાંદરા, બિલાડી તથા અન્ય પ્રાણી કરડવાના કેસો અલગ! જેને કારણે રાત્રિના સમર્થ આવનજાવન કરતા નાગરિકો તેનો ભોગ બની રહ્યાં છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા તાકીદે કાર્યવાહી કરવી જોઈએ અને નાગરિકો જલ્દીથી શ્વાનના ત્રાસમાંથી મુક્ત કરવા જે કંઈ પણ કામગીરી કરવી પડે તે તાકીદે કરવી જોઈએ.

આ સમસ્યાના ઉકેલ માટે વિવિધ ઠરાવો કરવા છતાં તે બાબતે કોઈ ઠોસ નક્કર કામગીરી થવા પામેલ નથી. આમને આમ પરિસ્થિતિ રહી તો એક વર્ષમાં અમદાવાદ શહેરમાં શ્વાનની સંખ્યા ૪,૦૦,૦૦૦ જેટલી થઈ જવા પામે તો નવાઈ નહીં. ત્યારે સંપૂર્ણ પરિસ્થિતિ મ્યુ. કોર્પો.ના કાબુ બહાર હશે જેથી શ્વાનનો ત્રાસ! રાત્રીના સમયે કે સુમસામ રોડ પર બહાર નીકળતાં પ્રજા ગભરાય છે. શ્વાન રાત્રીના સમયે વાહનચાલકોની પાછળ પડે .છે જેથી પ્રજા શ્વાનના ત્રાસથી ત્રાહીમામ પોકારી ગઈ છે. હાલમાં પ્રજા ત્રાસદાયક સ્થિતિમાં હોય તેવું અનુભવી રહી છે.જેને કારણે પ્રજાએ જાતે કાયદો હાથમાં લેવો પડે તેવી સ્થિતિનું નિર્માણ થવા પામેલ છે. ત્યારે મ્યુની તંત્ર છેલ્લા કેટલાય વર્ષથી મુક પ્રેક્ષકની અદામાં હોય જે મ્યુની કોર્પોરેશન માટે શરમજનક બાબત છે. આ સમસ્યાના નિવારણ માટે તાકીદે નક્કર ઉકેલ લાવવો જોઈએ.

ઉપરોક્ત બાબતથી વિદિત થઇ કૂતરાં કરડવાની સમસ્યા મ્યુ.કોર્પોના કાબુ બહાર જતી રહે તે પહેલાં અમદાવાદ શહેરના નગરજનોના હિતમાં અમદાવાદ શહેરની પ્રજાને શ્વાનના ત્રાસમાંથી મુક્ત કરવા યુદ્ધના ધોરણે જે કંઈ પણ કામગીરી કરવી પડે તે તમામ કાર્યવાહી તાકીદે કરવા કોંગ્રેસ પક્ષની માંગણી છે.

### વિદ્યાર્થીઓના ખાતામાં સીધા જમા થશે રૂપિયા

# ગુજરાત સરકારે શાળાઓને અપાતી આ સહાય કરી બંધ






। ગાંધીનગર, તા.૨૪ ।

ગુજરાત સરકારે શાળામાં ભણતા વિદ્યાર્થીઓને મોટો ઝટકો આવ્યો છે. રાજ્યની સ્વનિર્ભર (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓમાં અપાતી પ્રોત્સાહક આર્થિક સહાય યોજના બંધ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત વિદ્યાર્થી દીઠ ૭૫૦૦ સહાય શાળાને આપવામાં આવતી હતી. ત્યારે હવે સરકારના આ નિર્ણયથી વિદ્યાર્થીઓ અને શાળાઓને મોટો ફટકો પડશે.

રાજ્યની સ્વનિર્ભર માધ્યમિક શાળામાં અપાતી પ્રોત્સાહન આર્થિક સહાય યોજના બંધ કરાઈ છે. શાળાને વિદ્યાર્થી દીઠ ૭૫૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. પરંતુ ચકાસણીમાં આ યોજનામાં અનેક ગેરરીતિ સામે આવી હતી. જેથી તેને બંધ કરવાની પણ માંગ ઉઠી હતી. આ બાબત સરકારમાં વિચારણા હેઠળ હતી, જે અંગે હવે નિર્ણય લેવાયો છે. સરકારે ગેરરીતિ સામે આવતા આ યોજનાને બંધ કરવાનો નિર્ણય લીધો છે. જોકે, સરકારે માત્ર શાળાને અપાતી યોજના બંધ કરી છે, પરંતુ વિદ્યાર્થીઓને તો સહાય મળશે જ. હવે નવી યોજનામાં આ સહાય ડાયરેક્ટ વિદ્યાર્થીઓને મળશે. સરકારે વચ્ચેથી શાળાઓને હટાવી દીધી છે. ગુજરાત સરકાર નવી સ્કોલરશિપ અંતર્ગતની આ સહાય સીધી વિદ્યાર્થીના ખાતામાં જમા થશે. આ સહાય માટે હવે શાળા માધ્યમ નહિ બને. ઉલ્લેખનીય છે કે, આ યોજનામાં રાજયમાં ચાલતી અનુદાન વગરની બિન સરકારી માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણની ગુણવત્તા, શાળાના શૈક્ષણિક સ્ટાફની લાયકાત અને શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓ માટેની સુવિધામાં વધારો થાય અને એકંદરે શિક્ષણનું સ્તર સુધરે ઊંચુ આવે તે માટે સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય મંજૂર કરવાની નીતિ નિયત કરવામાં આવી હતી.

### ટાસ્ક-બેઝ્ડ કામના નામે કરોડોની છેતરપિંડી

# અમદાવાદ, સુરત સાઈબર ક્રાઈમના હોટસ્પોટ બન્યા

### આવા લોકોની ગેંગ આખા દેશમાં પથરાયેલી છે અને અત્યાર સુધીમાં તેના માત્ર અમુક મેમ્બર જ પકડાયા છે

। અમદાવાદ, તા.૨૪ ।

સાઈબરક્રાઈમ સામે લડવા માટે ગુજરાત પોલીસ મોટા દાવા કરી રહી છે, પરંતુ વાસ્તવમાં અમદાવાદ અને સુરતમાં સાઈબરક્રાઈમના કેસ વધી રહ્યા છે. આઈઆઈટી - કાનપુરના એક રિસર્ચ પ્રમાણે ગુજરાતના બે શહેરો - અમદાવાદ અને સુરત સાઈબરક્રાઈમના હોટસ્પોટ બની રહ્યા છે. ફ્યુચર ક્રાઈમ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા એક રિસર્ચ પેપર બહાર પાડવામાં આવ્યું છે જેમાં આ ધડાકો કરાયો છે. આ રિપોર્ટમાં જાન્યુઆરી ૨૦૨૦થી જૂન ૨૦૨૩ વચ્ચે દેશમાં સાઈબરક્રાઈમની જે ઘટનાઓ બની તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ રિસર્ચમાં ૧૮ રાજ્યોના ૮૩ નાના-મોટા શહેરને આવરી લેવાયા હતા. આ શહેરો બહુ ઝડપથી સાઈબરક્રાઈમના સેન્ટર બની રહ્યા છે. સૌથી વધુ સાઈબરક્રાઈમ નાણાકીય ફ્રોડ, હેકિંગ, બીજી વ્યક્તિની ઓળખ આપવી (ઈમપર્સોનેશન), ખાનીયુક્ત કેવાયસી રુલ્સ, બેરોજગાર લોકોની ભરતી, તથા વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક (વીપીએન)ના ઉપયોગને લગતા હોય છે. ગુજરાતમાં અમદાવાદ અને સુરતમાં સાઈબરક્રાઈમની ઘટનાઓ ઝડપથી વધી રહી છે. ખાસ કરીને નાણાકીય ગોટાળા કરવામાં આ બે શહેરો હોટસ્પોટ બની રહ્યા છે. ગુજરાતમાં લોકોને કોઈ ટાસ્કના બદલામાં રૂપિયા આપવાની લાલચ આપીને ફસાવવામાં આવે છે અને પછી તેમાં આખું બેંક એકાઉન્ટ ખાલી થઈ જાય છે. તેવી જ રીતે મોબાઈલ બેઝ્ડ ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડના કેસમાં પણ વધારો થયો છે. એક્સપર્ટનું કહેવું છે કે કેવાયસીના નિયમો જોઈએ તેવા સખત નથી. તેના કારણે સાઈબરક્રાઈમની ઘટનાઓ વધી છે. બેરોજગાર અથવા ઓછું વેતન ધરાવતા લોકોની ભરતી અને તાલીમ પણ આવા ગુના માટે એક કારણ છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે છેલ્લા ૧૬ મહિનામાં ટાસ્ક બેઝ્ડ અને મોબાઈલ એપ્લિકેશન બેઝ્ડ ઈન્વેસ્ટમેન્ટના કૌભાંડો વધ્યો છે. અમદાવાદ પોલીસે આવી પ્રવૃત્તિઓમાં સક્રિય લોકોની ઓળખ કરી છે. આવા ગુનાઓમાં ભોગ બનનાર વ્યક્તિને મોટા પ્રમાણમાં નાણાકીય નુકસાન ભોગવવું પડે છે.

આવી ગેંગ આખા ભારતમાં ફેલાયેલી હોય છે અને તેના મેમ્બર ગુજરાતમાં પણ હોય છે. જુલાઈ ૨૦૨૩માં ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડના કેટલાક કેસ બહાર આવ્યા હતા જેમાં પીડીતોએ હજારો કરોડો રૂપિયા ગુમાવ્યા હતા. હૈદરાબાદ પોલીસે આ ફ્રોડનો ભાંડો ફોડ્યો હતો. આ ગેંગનું નેટવર્ક મુંબઈ, અમદાવાદ અને હૈદરાબાદ સુધી ફેલાયેલું હતું. તેમાં આ ત્રણ શહેરોમાં નવ વ્યક્તિની ધરપકડ થઈ હતી. આ સ્કેમનો ભોગ બનનારા લોકોએ લાખો રૂપિયા ગુમાવવા પડ્યા છે.

૧૧ સપ્ટેમ્બરે અમદાવાદના ઈસનપુર એરિયામાં રહેતા ૫૧ વર્ષીય વ્યક્તિ સાથે ટાસ્ક-બેઝ્ડ ફ્રોડ થયું હતું જેમાં તેણે ૨.૫૦ કરોડ રૂપિયા ગુમાવવા પડ્યા હતા. આ કેસમાં જયેશ વકીલ નામની વ્યક્તિ ટેલિગ્રામ પર સમીક્ષા નામની યુવતીના સંપર્કમાં આવ્યો હતો અને સમીક્ષાએ તેને ટાસ્ક આપ્યું હતું. ત્યાર બાદ તેના એકાઉન્ટમાંથી મોટી રકમ જતી રહી હતી. સાઈબર ક્રાઈમમાં પશ્ચિમ બંગાળ પણ આગળ છે. પ. બંગાળના ૧૪ શહેરો સાઈબરક્રાઈમની ગતિવિધિના લિસ્ટમાં છે. યુપીના ૧૧ શહેર આવા કેસમાં આગળ છે.

## વિશેષ લેખ

### ચકલીઓમાં તેમની ચાંચ મોટી થઈ રહી છે તો સ્તનધારીઓના કાન મોટા થઈ રહ્યા છે

# પૃથ્વીના વાતાવરણમા થઈ રહેલા ફેરફારોની અસર પ્રાણીઓ અને પક્ષીઓ પર થઈ રહી છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

ક્લાઈમેટ ચેન્જ ઉર્ફે પૃથ્વીના વાતાવરણમા ઘણા ફેરફારો થઈ રહ્યા છે.આ પરિવર્તનના કારણે માત્ર મનુષ્યો પર નહીં, પરંતુ પ્રાણીઓ પક્ષીઓ પર પણ અસર થઈ રહી છે. પશુ પંખીઓ અનેક પ્રકારની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. કેટલાક તોતેમના રહેઠાણનું સ્થળ બદલવા માટે મજબૂર થયા છે.

પરીઆવરણ ના ફેરફાર સાથે પ્રાણીઓતેમની જીવનશૈલી બદલી રહ્યા છે. તાજેતરના એક અભ્યાસ પરથી જાણવા મળ્યું છે, કે જળવાયુ પરિવર્તનને અનુકૂળ થવા માટે અનેક પ્રાણીઓએ પોતાના અંગોમાં ફેરફાર કર્યા છે. જેનાથી તેમનું શરીર બદલાતા વાતાવરણમાં યોગ્ય રીતે કામ કરી શકશે.

ઓસ્ટ્રેલિયાની ડીકિન યુનિવર્સિટીના પક્ષી સંશોધનકર્તા સારા રાઈડિંગે આ ફેરફાર વિશેની માહિતી ટ્રેન્ડ્સ ઈન ઈકોલોજી એન્ડ ઈવોલ્યૂશન જર્નલમાં પ્રકાશિત કરી છે. આ રિપોર્ટ અનુસાર કેટલાક જાનવરો તેમના અંગોમાં ફેરફાર કરવાનું કામ કરી રહ્યા છે. કોઈ પક્ષીની ચાંચ લાંબી થઈ રહી છે, તો કોઈ પ્રાણીના પગ અને કાન મોટા થઈ રહ્યા છે. આ ફેરફારની મદદથી પ્રાણીઓ ના શરીરનું તાપમાન ગરમ થતી પૃથ્વી અનુસાર ઢળી શકે છે.

જોકે એના માટે મનુષ્યને જ જવાબદાર ઠેરવ્યા છે. મનુષ્યોના બેદરકારીભર્યા વર્તનના કારણે જળવાયુ પરિવર્તનની પરિસ્થિતિ સર્જાઈ છે. જેના કારણે જાનવરો પર પણ વધારે અસર થઈ રહી છે. જાનવરોની કેટલીક પ્રજાતિઓ આ પરિવર્તનમાં ઢળી શકે તે માટે તેમના શરીરમાં યોગ્ય ફેરફાર કરવામાં સફળ થઈ છે. રાઈડિંગે જણાવ્યું કે, જળવાયુ પરિવર્તન ખૂબ જ જટિલ સમસ્યા છે. શા માટે જાનવરોના શરીરના આકારમાં ફેરફાર થઈ રહ્યો છે? તેનું કારણ જાણવું જરૂરી છે. આ પ્રકારનો ફેરફાર માત્ર કોઈ એક સ્થળ પર નહીં, પરંતુ દુનિયાના અનેક ભૌગોલિક ક્ષેત્રોમાં જાનવરોની અનેક પ્રજાતિઓમાં થઈ રહ્યો છે. આ તમામ બાબતોમાં જળવાયુ પરિવર્તન એક સમાન કારણ હોવાનું સામે આવ્યું છે

પક્ષીઓના આકારમાં વધુ ફેરફાર જોવા મળી રહ્યો છે. ઓસ્ટ્રેલિયન પોપટની અનેક પ્રજાતિઓની ચાંચની આકારમાં સરેરાશ ૪ થી ૧૦ ટકાનો વધારો થયો છે. આ તમામ ફેરફારનો દર વર્ષે પડતી ગરમીઓના તાપ માન સાથે સકારાત્મક સંબંધ છે. સ્તનપાયી જીવોમાં પણ અનેક પ્રકાના ફેરફાર જોવા મળ્યા છે. વુડ માઈસ પ્રજાતિના ઉંદરની પૂંછડી લાંબી થઈ ગઈ છે. કેટલાક છછુંદરની પૂંછડી અને પગના આકાર પણ મોટા થઈ ગયા છે. રાઈડિંગ અનુસાર, 'અંગોનો આકાર વધી રહ્યો છે, તે બહુ જ ઓછા પ્રમાણમાં વધી રહ્યો છે. આ કારણોસર આ ફેરફારને તાત્કાલિક નોંધી ના શકાય. જાનવરોના કાનોમાં ખૂબ જ પ્રમુખ ફેરફાર થઈ રહ્યા છે.' રાઈડિંગ છેલ્લા સો વર્ષના ઓસ્ટ્રેલિયામાં મ્યુઝીયમમાં રાખેલ પક્ષીઓના નમૂનાઓનું થ્રીડી સ્કેનિંગ કરીને સ્ટડી કરવા ઈચ્છે છે. આ સ્ટડી પરથી કયા પક્ષીઓમાં જળવાયુ પરિવર્તનના કારણે કેવા ફેરફાર થઈ રહ્યા છે, તે જાણી શકાશે. આ ફેરફાર પાછળનું અન્ય કારણ શું છે? તે જાણવા માટે અને ફેરફારથી જાનવર પોતાનું રક્ષણ કરી શકશે કે નહીં તે જાણી શકાશે.૧૮૭૧થી અત્યાર સુધી ઓસ્ટ્રેલિયન પોપટની ચાંચના આકારમાં ૧૦%નો વધારો થયો છે. ક્લાઈમેટ ચેન્જને લીધે પશુ-પક્ષીના શરીરના કોઈ એક અંગમાં ૧૦%નો વધારો થઈ રહ્યો છે.



ક્લાઈમેન્ટ ચેન્જને લીધે ધરતીનું તાપમાન વધી રહ્યું છે. તેની અસર પર્યાવરણ અને માણસો સાથે પશુ-પક્ષીઓ પર પણ પડી રહી છે. વધતાં જતાં તાપમાનની અસર રોકવા માટે પશુ અને પક્ષી તેમનામાં કેટલાક ફેરફારો લાવી રહ્યા છે. ચકલીઓમાં તેમની ચાંચ મોટી થઈ રહી છે તો સ્તનધારીઓના કાન મોટા થઈ રહ્યા છે. આ અંગોની મદદથી તેઓ વધારાની ગરમી રોકી શકવામાં સફળ થઈ શકે છે.

પશુઓનો આકાર ૧૦% વધ્યો ક્લાઈમેન્ટ ચેન્જની વિવિધ જીવો પર થતી અસર પર રિસર્ચ કરનાર ઓસ્ટ્રેલિયાની ડેકિન યુનિવર્સિટીનું કહેવું છે કે, અત્યાર સુધીના રિસર્ચમાં સાબિત થઈ ચૂક્યું છે કે ક્લાઈમેન્ટ ચેન્જને લીધે પશુઓનો આકાર બદલી રહ્યો છે. તેમનાં શરીરના કોઈ એક અંગમાં ૧૦%નો વધારો થઈ રહ્યો છે.

સંશોધક સારા રાયડિંગ જણાવે છે કે ઘણા સમયથી ચર્ચા કરવામાં આવી રહી છે કે માણસ ક્લાઈમેટ ચેન્જથી કેવી રીતે બચશે, શું કોઈ ટેક્નોલોજી તેનું સમાધાન કરી શકે છે? તેની અસર પશુઓમાં પણ જોવા મળી રહી છે. કેટલાક પશુઓ અને પક્ષીઓ આ અસરથી પોતાને અળગા રાખવા માટે પોતાની જાતમાં ફેરફાર કરી રહ્યા છે. સારા જણાવે છે કે અમારી ટીમે અનેક રિસર્ચનું એનાલિસિસ કર્યું. તેમાં સામે આવ્યું કે ઓસ્ટ્રેલિયન પોપટથી લઈને ચાઈનીઝ ચામાચીડિયાં અને ડુક્કરથી લઈને સસલાં સુધીના પશુઓમાં તેના પ્રમાણ મળ્યા છે કે ક્લાઈમેટ ચેન્જનો સામનો કરવા માટે પોતાનાં શરીરમાં ફેરફાર કરી રહ્યા છે. સૌથી વધુ ફેરફાર ચકલીઓમાં જોવા મળ્યો છે. ૧૮૭૧થી અત્યાર સુધી ઓસ્ટ્રેલિયન પોપટની ચાંચના આકારમાં ૧૦%નો વધારો થયો છે. ૧૯૭૮થી લઈને ૧૦૧૬ સુધી સંગ્રહ કરવામાં આવેલી પ્રવાસી ચકલીઓના વિશ્લેષણમાં જોવાં મળ્યું કે, તેમનાં શરીરનો આકાર નાનો થયો અને પાંખો મોટી થઈ. ચકલીની પાંખો મોટી થઈ અને શરીરનો આકાર ઘટ્યો. અમેરિકાની મિશિગન યુનિવર્સિટીના રિસર્ચ પ્રમાણે, જળવાયુ પરિવર્તનને કારણે પક્ષીઓનું શરીર સંકોચાઈ રહ્યું અને પાંખ વધી રહી છે. નોર્થ અમેરિકાની ૫૨ પ્રજાતિઓની ૭૦,૭૧૬ પ્રવાસી ચકલીઓ પર થયેલાં રિસર્ચમાં એક ચોંકાવનારી વાત સામે આવી છે. છેલ્લાં ૪૦ વર્ષોથી સંગ્રહ કરેલી રાખેલી ચકલીઓનું એનાલિસિસ કરવામાં આવ્યું. સંશોધકોનું કહેવું છે કે, ૧૯૭૮થી લઈ ૨૦૧૬ સુધી સંગ્રહ કરવામાં આવેલી ચકલીની પ્રજાતિની લંબાઈ માપવામાં આવી. તેમની લંબાઈનું મોટું માનક તેમના પગના હાડકાં હોય છે. રિસર્ચમાં જોવા મળ્યું કે ચકલીના પગની લંબાઈ ૨.૪% સુધી ઘટી છે અને પાંખોની લંબાઈ ૧.૩% સુધી વધી છે. રિસર્ચ પ્રમાણે, તાપમાન વધવાથી શરીરનો આકાર સંકોચાઈ રહ્યો છે અને તેમની પાંખોનો આકાર વધી રહ્યો છે.

માણસો પર અસરઃ માણસની લંબાઈ અને મગજ સંકોચાઈ શકે છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રોફેસર એન્ડ્રિયા મેનિકા કહે છે કે, અમારું રિસર્ચ ઈશારો કરે છે કે લાખો વર્ષોથી તાપમાન જ શરીરનો આકાર બદલવામાં મોટું પરિબળ રહ્યું છે. જે રીતે આજે ઠંડી જગ્યાએ માણસનું શરીર વધે છે અને ગરમ તાપ માનમાં રહેનારા લોકોનું કદ નાનું હોય છે તે જ રીતે ક્લાઈમેટ ચેન્જે હંમેશાં શરીર પર અસર કરી છે.

રિસર્ચ માટે વૈજ્ઞાનિકોએ દુનિયાભરના માણસોના ૩૦૦થી વધારે જીવાશ્મનું અવલોકન કર્યું. તેમનાં શરીર અને મગજનાં આકારની તપાસ કરી. તપાસમાં સામે આવ્યું કે માણસના જીવાશ્મએ ક્લાઈમેટ ચેન્જને કારણે ઘણું ભોગવવું પડ્યું છે.

એ ઉપરાંત માછલીઓ પર પણ અસરથઈ છે. શાર્ક અને રે માછલીની સંખ્યા ઘટીદુનિયામાં રહેલી ૪૦% સુધી શાર્ક અને રે માછલીઓ વિલુપ્તિના આરે છે. તેનું કારણે ક્લાઈમેટ ચેન્જ અને જરૂરિયાત કરતાં વધારે માછલીઓનો શિકાર છે. માછલીઓ પર ૮ વર્ષ સુધી થયેલાં રિસર્ચમાં સામે આવ્યું કે, ૨૦૧૪માં તેમના વિલુપ્તિનું જોખમ ૨૪% હતું જે હવે બમણું થયું છે.આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિકોએ તેમનાં રિપોર્ટમાં શાર્ક અને માછલીઓની સંખ્યા ઘટવાનું કારણ ક્લાઈમેટ ચેન્જ ગણાવ્યું છે

### વર્લ્ડ કપ ૨૦૨૩માં અત્યાર સુધી ચાર બેટરની ૧૦થી વધુ સિક્સર

# વર્લ્ડ કપ ૨૦૨૩માં ૧૭ સિક્સર સાથે રોહિત શર્મા ટોચ પર



। નવી દિલ્હી,તા.૨૪ ।

વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી ચાર બેટ્સમેનોએ ૧૦ કે તેથી વધુ છગ્ગા ફટકાર્યા છે. ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન રોહિત શર્મા તેમાં સૌથી આગળ છે. રોહિત શર્માએ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી ૧૭ છગ્ગા ફટકાર્યા છે. તે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડીઓની લિસ્ટમાં ટોપ પર છે. આ લિસ્ટમાં બીજો નામ શ્રીલંકાના ખેલાડી કુસલ મેંડિસનો છે.શ્રીલંકાના વિસ્ફોટક બેટ્સમેન કુસલ મેંડિસે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી ૧૪ છગ્ગા ફટકાર્યા છે. કુસલ મેંડિસ ૪ મેચમાં ૧૪ છગ્ગા ફટકારી આ લિસ્ટમાં બીજા નંબરે છે. સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડીઓની લિસ્ટમાં ન્યુઝીલેન્ડનો બેટ્સમેન ડેરલ મિચેલ ત્રીજા નંબરે છે. ડેરલ મિચેલે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી ૧૧ છગ્ગા ફટકાર્યા છે. ઓસ્ટ્રેલિયા ટીમનો ઓપનિંગ બેટ્સમેન ડેવિડ વોર્નર પણ આ લિસ્ટમાં સામેલ છે. વોર્નરે અત્યાર સુધી ૧૦ છગ્ગા ફટકાર્યા છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયન ટીમનો જ બીજો એક ખેલાડી મિચેલ માર્શ પણ આ લિસ્ટમાં સામેલ છે. માર્શે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં અત્યાર સુધી ૯ છગ્ગા ફટકાર્યા છે.

# દ. આફ્રિકાના ડી કોકે વર્લ્ડ કપ માં શાનદાર ત્રીજી સદી ફટકારી

### દક્ષિણ આફ્રિકાના ખેલાડીએ વર્લ્ડ કપ પહેલા ટૂર્નામેન્ટ પછી નિવૃત્તીની જાહેરાત કરી હતી



। મુંબઈ,તા.૨૪ ।

આઈસીસીવન-ડે વર્લ્ડ કપ માં આજે દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશ વચ્ચે મુકાબલો છે. બાંગ્લાદેશની ટીમ ટૂર્નામેન્ટમાં બીજી જીત નોંધાવવાનો પ્રયાસ કરશે. આ સાથે જ દક્ષિણ આફ્રિકાની નજર આ મેચ જીતીને સેમિફાઈનલ તરફ વધુ એક પગલું ભરવા પર હશે. દક્ષિણ આફ્રિકાના સુકાની એઈડન માર્કરામે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો છે. આજે પણ ટેમ્બા બાવુમા રમતા નથી. આવી સ્થિતિમાં માર્કરામ ફરીથી કેપ્ટનશીપ કરી રહ્યો છે. લુંગી એનગિડી આજે દક્ષિણ આફ્રિકાની ટીમમાં નથી. શાકિબ અલ હસનની બાંગ્લાદેશ ટીમમાં વાપસી થઈ છે. ડી કોકે વર્લ્ડ કપમાં પોતાની ત્રીજી સદી ફટકારી છે. ડી કોકે ૧૦૧ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. ક્વિન્ટન ડી કોકે વર્લ્ડકપ ૨૦૨૩ની શરૂઆત પહેલા ટુર્નામેન્ટ બાદ ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરી હતી.



રાંચીમાં દુર્ગા પૂજા ઉત્સવની ઉજવણીના છેલ્લા દિવસે 'વિજયાદશમી' પર સિંદૂર ખેલમાં ભાગ લેતી વખતે મહિલાઓ એકબીજા પર સિંદૂર લગાવતા નજરે પડે છે.

# પાકિસ્તાન સામે વિજય બાદ અફઘાનના સ્પિનર રાશિદે ઈરફાન સાથે ડાન્સ કર્યો

### સ્ટેડિયમથી હોટલ તરફ જતી વખતે અફઘાનિસ્તાનના ખેલાડીઓ બસમાં ડાન્સ કરતા જોવા મળ્યા હતા



। નવી દિલ્હી,તા.૨૪ ।

અફઘાનિસ્તાનની ટીમે ગઈકાલે પાકિસ્તાનની ટીમને ૮ વિકેટથી હરાવ્યું હતું. આ જીત પછી અફઘાનિસ્તાનના ખેલાડીઓએ મેદાનથી લઈને બસ સુધી પાકિસ્તાન સામે મળેલી જીતની ઉજવણી કરી હતી. અફઘાનિસ્તાન ટીમના સ્ટાર સ્પિનર રાશિદ ખાને ઈરફાન પઠાન સાથે મેદાનમાં ડાન્સ કર્યો હતો. આ ઉપરાંત પાકિસ્તાન સામેની જીત બાદ સ્ટેડિયમથી હોટલ તરફ જતી વખતે અફઘાનિસ્તાનના ખેલાડીઓ બસમાં ડાન્સ કરતા જોવા મળ્યા હતા. તેનો વીડિયો સોશ્યલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ પહેલા અફઘાનિસ્તાનના ખેલાડીઓએ ડ્રેસિંગ રૂમમાં પણ આ જીતની ઉજવણી કરી હતી, જેનો વીડિયો પણ વાયરલ થયો હતો.

ક્રિકેટ જગતમાં ભારત પછી અફઘાનિસ્તાન પ ાકિસ્તાનની કટ્ટર હરીફ છે. જ્યારે પણ બંને ટીમો વચ્ચે મેચ થાય છે ત્યારે દર્શકો સાથે ખેલાડીઓમાં પણ ઉત્સુકતા અને જુસ્સો ચરમસીમાએ પહોંચી જાય છે. છેલ્લા ઘણા વર્ષોમાં બંને ટીમો વચ્ચે ઘણી મેચો થઈ છે. એવું કહેવું ખોટું નહીં હોય કે અફઘાનિસ્તાનની ટીમ ઘણી વખત પાકિસ્તાન સામે જીતેલી મેચ હારી ચૂકી છે, પરંતુ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં ગઈકાલે આવું ન થયું. આ વખતે અફઘાનિસ્તાને તેના કટ્ટર હરીફ પાકિસ્તાનને આઠ વિકેટે હરાવ્યું હતું. જે પછી અફઘાનિસ્તાનના ખેલાડીઓએ પાકિસ્તાન સામેની જીતની ઉજવણી કરી હતી.

ચેન્નઈના એમ.એ ચિદમ્બરમ સ્ટેડિયમમાં ગઈકાલે રમાયેલી આ મેચમાં પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૨૮૨ રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરવા અફઘાનિસ્તાનની ટીમે શાનદાર શરૂઆત કરી હતી. અફઘાનિસ્તાનના ઓપનર રહેમાનુલ્લા ગુરબાઝ અને ઈબ્રાહિમ ઝાદરાન વચ્ચે ૧૩૦ રનની ઓપનિંગ ભાગીદારી થઈ હતી. ગુરબાઝ ૬૫ રન બનાવીને આઉટ થયો હતો. ત્યારબાદ ઝાદરાન હસન હલીનો શિકાર બન્યો હતો. ત્યારબાદ અફઘાનિસ્તાનના કેપ્ટન હશમતુલ્લાહ શાહિદી અને રહમત શાહે ટીમની કમાન સંભાળી. બંને ખેલાડીઓ વચ્ચે ૯૬ રનની ભાગીદારી થઈ હતી. શાહે ૭૭ રન બનાવ્યા જયારે શાહિદીએ ૪૮ રન બનાવ્યા હતા. બંને ખેલાડીઓ અફઘાનિસ્તાનને જીત અપાવી અણનમ પરત ફર્યા હતા.

# સેમિફાઈનલની ટીમો નિશ્ચિત, ભારત પોઈન્ટ ટેબલમાં ટોચ પર



। નવી દિલ્હી,તા.૨૪ ।

વર્લ્ડ કપમાં અત્યાર સુધીમાં કુલ ૨૨ મેચ રમાઈ છે. આ ૨૨ મેચો બાદ કેટલીક ટીમો સેમિફાઈનલની રેસમાં ઘણી આગળ નીકળી ગઈ છે તો કેટલીક ટીમો ઘણી પાછળ રહી ગઈ છે. જો કે, સેમીફાઈનલના સમીકરણમાં હજુ પણ કેટલાક ફેરફારો થઈ શકે છે, પરંતુ કેટલીક ટીમોના પ્રદર્શનને જોતા એવું લાગે છે કે તેમનું સેમીફાઈનલમાં જવું લગભગ નિશ્ચિત છે. આવો તમને જણાવીએ આવી ટીમોના નામ. વર્લ્ડ કપમાં ૨૨ મેચ બાદ ભારતીય ટીમ પોઈન્ટ ટેબલમાં ટોપ પર છે, જેના સૌથી વધુ ૧૦ પોઈન્ટ છે. ભારતે અત્યાર સુધીમાં પાંચમાંથી તમામ પાંચ મેચ જીતી છે અને પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. ભારત સેમિફાઈનલમાં જશે તે લગભગ નિશ્ચિત જણાય છે. ભારત પછી બીજા નંબરે ન્યુઝીલેન્ડની ટીમ છે, જેણે અત્યાર સુધી ૫માંથી ૪ મેચ જીતી છે અને ૮ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને છે. ન્યુઝીલેન્ડની ટીમ માત્ર ભારત સામે હારી છે અને તેની રમતને જોતા લાગે છે કે તે સેમીફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લેશે. સાઉથ આફ્રિકા પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે જેણે અત્યાર સુધી ૪માંથી ત્રણ મેચ જીતી છે અને ૬ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે. દક્ષિણ આફ્રિકાની ટીમ માત્ર નેધરલેન્ડ સામે હારી છે, પરંતુ બાકીની ટીમોએ પણ મોટી ટીમોને હરાવી છે. તેના તમામ ગેમિંગ કૌશલ્ય અને પ્રદર્શનને જોતા સેમિફાઈનલમાં તેનું સ્થાન નિશ્ચિત જણાય છે. આ ત્રણ ટીમો સિવાય ઓસ્ટ્રેલિયા એક એવી ટીમ છે જેણે તેની પ્રથમ બે મેચ હાર્યા બાદ શાનદાર વાપસી કરી છે. ઓસ્ટ્રેલિયન ટીમમાં થયેલો સુધારો અને તેના પ્રદર્શનને જોતા એવું લાગે છે કે તે સેમીફાઈનલમાં પહોંચશે. આ રીતે વર્લ્ડ કપની ૨૨ મેચો બાદ ભારત, ન્યૂઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સેમિફાઈનલમાં જશે તે લગભગ નિશ્ચિત જણાય છે. આ ચાર ટીમો સિવાય કેટલીક એવી ટીમો છે જેનું સેમિફાઈનલમાંથી બહાર થવું નિશ્ચિત જણાય છે, જેમાં બાંગ્લાદેશ, નેધરલેન્ડ, શ્રીલંકા અને ઈંગ્લેન્ડની ટીમોનો સમાવેશ થાય છે. આ બધા સિવાય પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની બે ટીમો એવી છે કે જેઓ પોતાની બાકીની મેચોમાં સારું પ્રદર્શન કરે તો સેમિફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી શકે છે.

# ચક્રવાત 'હામૂન'થી આસામ-મેઘાલયમાં ભારે વરસાદનું એલર્ટ

### પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડી શકે છે

। નવી દિલ્હી,તા.૨૪ ।

અરબી સમુદ્ર બાદ હવે બંગાળની ખાડી પાસે લો પ્રેશર સર્જાયું છે જેના કારણે ત્યાં ચક્રવાતીની સ્થિતિ સર્જાઈ છે. અરબી સમુદ્રમાં બનેલું ચક્રવાત 'તેજ' આરબ દેશો તરફ આગળ વધ્યું છે પરંતુ બંગાળની ખાડીમાં આવેલા વાવાઝોડા 'હામૂન' અંગે હવામાન વિભાગે મોટું અપડેટ આપ્યું છે. આઈએમડી એ બંગાળની ખાડી પાસે સર્જાયેલ ચક્રવાત 'હામૂન'ના કારણે રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગનું કહેવું છે કે બંગાળની ખાડીમાં બનેલું ચક્રવાત 'હામૂન' ઉત્તર-ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ વધશે. વર્તમાન આગાહી અનુસાર, આ ચક્રવાત બાંગ્લાદેશના ખેપુપારા અને ચટગાંવના દરિયાકાંઠે ટકરાશે. તે ૨૫મી ઓક્ટોબરે બપોરે દરિયાકાંઠે પહોંચી શકે છે. દક્ષિણ આસામ અને પૂર્વ મેઘાલયમાં આજે અને આવતી કાલે ભારે વરસાદ પડી શકે છે. આ સિવાય ઓડિશાના દરિયાકાંઠે પણ ચોમાસાની અસર જોવા મળશે. આજે અહીં મધ્યમથી ભારે વરસાદ થઈ શકે છે. ચક્રવાતને કારણે પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડશે. ચક્રવાત 'હામૂન'ના કારણે સમગ્ર પશ્ચિમ બંગાળમાં જોરદાર પવન ફૂંકાશે. પવનની ઝડપ ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની હોઈ શકે છે. આજ સવારથી જ પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં જોરદાર પવન ફૂંકાઈ રહ્યો છે. બાંગ્લાદેશના દરિયાકાંઠે પવનની ઝડપ ૭૫ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે.આ ચક્રવાતની અસર ભારતના ઉત્તર-પૂર્વમાં જોવા મળશે. હવામાન વિભાગે મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને મેઘાલય માટે હળવા અને મધ્યમ વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આજથી જ વરસાદી ગતિવિધિઓ શરૂ થશે. ત્રિપુરા અને અન્ય રાજ્યોમાં પણ ભારે વરસાદ પડી શકે છે. જોકે, ૨૬ ઓક્ટોબરે વરસાદની ગતિવિધિઓમાં ઘટાડો જોવા મળી શકે છે.

### સુપ્રીમ કોર્ટે સમલૈંગિક વિવાહ પર ચુકાદો આપ્યો

# સમલૈંગિક લગ્નના કેસમાં મારા અંતરઆત્માના અવાજના આધારે ચુકાદો આપવામાં આવ્યોઃ ચંદ્રચૂડ

### સીજેઆઈ અને જસ્ટિસ એસકે કૌલ સમલૈંગિક સંબંધોને માન્યતા આપવાની તરફેણમાં હતા, ત્યારે બેન્ચના બાકીના ત્રણ ન્યાયાધીશોનો અલગ મત હતો

। નવી દિલ્હી,તા.૨૪ ।

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે સમલૈંગિક વિવાહ પર ચુકાદો આપ્યો હતો. જેમાં સુપ્રીમ દ્વારા સમલૈંગિક વિવાહને લઈ અસહમતી સાધવામાં આવી હતી. એવામાં આ મામલે ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (સીજેઆઈ) ડીવાયચંદ્રચુડનું એક નિવેદન સામે આવ્યું છે. સીજેઆઈચંદ્રચુડે જ્યોર્જટાઉન યુનિવર્સિટી લો સેન્ટર, વોશિંગ્ટન ડીસી અને સોસાયટી ફોર ડેમોક્રેટિક રાઈટ્સ (એસડીઆર), નવી દિલ્હી દ્વારા બંધારણીય કાયદાની ચર્ચામાં આ વાત કહી હતી. આ કાર્યક્રમમાં, મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે, બંધારણીય મહત્વના મુદ્દાઓ પર આપવામાં આવેલા નિર્ણયો ઘણીવાર ''અંતરાત્માનો અવાજ'' હોય છે અને તે સમલૈંગિક લગ્નના કેસમાં તેમના લઘુમતી નિર્ણયને સમર્થન મળ્યું છે. સમલૈંગિક વિવાહ પર વાત કરતા ડીવાયચંદ્રચુડે કહ્યું કે, કેટલાક નિર્ણયો તમારા અંતરાત્મા અને બંધારણનો મત હોય છે અને મેં જે કહ્યું તેના પર હું કાયમ છું. તેમના નિર્ણયને સમજાવતા, સીજેઆઈએ કહ્યું, ''હું મારા નિર્ણય સાથે લઘુમતીમાં હતો જ્યાં હું માનતો હતો કે તે સમલિંગી યુગલો દત્તક લઈ શકે છે પરંતુ મારા ત્રણ સાથીઓએ આ નિર્ણયથી અસંમત હતા તેમના મુજબ સમલૈંગિક યુગલોને દત્તક લેવાની મંજૂરી ન આપવી એ ભેદભાવપૂર્ણ છે પરંતુ તે સંસદે નક્કી કરવાનું છે.

જ્યારે સીજેઆઈઅને જસ્ટિસ એસકે કૌલ સમલૈંગિક સંબંધોને માન્યતા આપવાની તરફેણમાં હતા, ત્યારે બેન્ચના બાકીના ત્રણ ન્યાયાધીશોનો અલગ મત હતો.

### પેરા એશિયન ગેમ્સ ૨૦૨૩માં ભારતની મેડલ ટેલીમાં સતત વધારો થઈ રહ્યો છે

# ભારતની દીકરીઓનો ફરી એક વખત દબદબો, દીપ્તિ જીવનજીએ જીત્યો ગોલ્ડ

### ભારતે પહેલા જ દિવસે પોતાના પ્રદર્શનથી બતાવી દીધું કે તેઓ કોઈથી ઓછા નથી, મોદીએ ભારતીય પેરા એથ્લેટ્સના પ્રદર્શનની પ્રશંસા કરી હતી

। નવી દિલ્હી, તા.૨૪ ।


દીપ્તિ જીવનજીએ મહિલાઓની 400m-T20માં ભારત માટે વધુ એક ગોલ્ડ જીત્યો છે. તેણે ૫૬.૬૯ના ધમાકેદાર સમય સાથે નવો એશિયન પેરા રેકોર્ડ અને ગેમ્સ રેકોર્ડ બનાવ્યો છે. પેરા એશિયન ગેમ્સ ૨૦૨૩માં ભારતની મેડલ ટેલીમાં સતત વધારો થઈ રહ્યો છે. સ્પર્ધાના બીજા દિવસે ૨૪ ઓક્ટોબરે પ્રાચી યાદવે ગોલ્ડ મેડલ સાથે ભારતનું ખાતું ખોલાવ્યું હતું. એટલું જ નહીં તેના પતિ મનીષ કૌરવે પણ દેશ માટે મેડલ જીત્યો હતો. પ્રાચી યાદવે હાંગઝોઉમાં મહિલા પેરા કેનો KL2 ઈવેન્ટ જીતીને ભારતને સુવર્ણ શરૂઆત અપાવી હતી. પ્રાચીના પતિ મનીષ કૌરવે પુરુષોની પેરા કેનોઈ KL3 ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભારતે પહેલા જ દિવસે પોતાના પ્રદર્શનથી બતાવી દીધું કે તેઓ કોઈથી ઓછા નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય પેરા એથ્લેટ્સના પ્રદર્શનની પ્રશંસા કરી હતી. તેણે ટ્વિટ કરીને તમામ મેડલ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. અપેક્ષા મુજબ, ભારતે ટ્રેક અને ફિલ્ડ ઈવેન્ટમાં સૌથી વધુ ૧૧ મેડલ જીત્યા. જેમાં પાંચ ગોલ્ડ મેડલનો પણ સમાવેશ થાય છે. આ પહેલા દિવસે પ્રણવ સુરમાએ મેન્સ કલબ થ્રો F51 ઈવેન્ટમાં ગોલ્ડ જીત્યો હતો. આ ઈવેન્ટમાં ભારતીય ખેલાડીઓએ સિલ્વર અને બ્રોન્ઝ મેડલ પણ જીત્યા હતા. આ વખતે એશિયન પેરા ગેમ્સમાં ૨૨ રમતોમાં કુલ ૫૬૬ ગોલ્ડ મેડલ દાવ પર છે. આ હાંસલ કરવા માટે, ૪૩ દેશોના લગભગ ૪૦૦૦ પેરા એથ્લેટ્સ આ ગેમ્સમાં ભાગ લઈ રહ્યા છે. ભારતે આ ગેમ્સ માટે ૩૧૩ ખેલાડીઓની ટુકડી પણ મોકલી છે, જે એશિયન પેરા ગેમ્સમાં અત્યાર સુધીની સૌથી મોટી ટુકડી છે. ભારતીય ખેલાડીઓ ૨૨માંથી ૧૭ રમતોમાં ભાગ લઈ રહ્યા છે. આ વખતે ભારતે રોઈંગ, કેનોઈંગ, લૉન બોલ, તાઈકવાન્ડો અને બ્લાઈન્ડ ફૂટબોલ જેવી ઈવેન્ટ્સમાં પણ પોતાના પેરા એથ્લેટ્સને મેદાનમાં ઉતાર્યા છે. પેરા એશિયન ગેમ્સ ૨૨ થી ૨૮ ઓક્ટોબર દરમિયાન રમાશે. તમને જણાવી દઈએ કે એશિયન પેરા ગેમ્સની આ ચોથી આવૃત્તિ છે. ૨૦૧૦માં ચીનના ગુઆંગઝૂમાં પ્રથમ વખત આ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પછી, ૨૦૧૪ માં દક્ષિણ કોરિયાના ઈંચોન અને ૨૦૧૮ માં પાલેમ્બાંગ, જકાર્તામાં તેનું આયોજન કરવામાં આવ્યું હતું. ચોથી પેરા એશિયન ગેમ્સ સત્તાવાર રીતે ૯ થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૨ દરમિયાન યોજાવાની હતી, પરંતુ ગયા વર્ષે ચીનમાં કોવિડ -૧૯ ચેપના ફરીથી ફેલાવાને કારણે તેને મુલતવી રાખવો પડ્યો હતો.

### ૧૯૪૭માં ભાગલા સમયે અનેક પરિવાર વિખૂટાં પડ્યા હતા

# ભાગલા વખતે વિખૂટા થયેલા ભાઇ-બહેનનું ૭૬ વર્ષે મિલન

### મહોમ્મદ ઈસ્માઈલ પંજાબના સાહીવાલ જિલ્લામાં અને તેમના પિતરાઈ બહેન સુરિન્દર કોર જાલધંરમાં રહે છે



। નવી દિલ્હી,તા.૨૪ ।

૧૯૪૭માં ભારત અને પાકિસ્તાનના પડેલા ભાગલાની પીડા આજે પણ ઘણા પરિવારો વેઠી રહ્યા છે. ઘણા પરિવારો એક બીજાથી વિખૂટા પડી ગયા હતા. આવા જ એક કિસ્સામાં ભાગલા વખતે અલગ થઈ ગયેલા ભાઈ અને બહેનનુ ૭૬ વર્ષે મિલન થયુ છે. મળતી વિગતો પ્રમાણે ભાગલા પડ્યા ત્યારે મહોમ્મદ ઈસ્માઈલ પાકિસ્તાનના લાહોરથી ૨૦૦ કિલોમીટર દુર પંજાબના સાહીવાલ જિલ્લામાં રહેતા હતા. તેમની બહેન સુરિન્દર કોર જાલધંરમાં રહેતી હતી. બંને પિતરાઈ ભાઈ બહેન છે અને તેમની વય ૮૦ વર્ષની છે. સોશિયલ મીડિયા થકી તેમનો મેળાપ શક્ય બનયો હતો.પાકિસ્તાનની યુ ટ્યુબ ચેનલ પર ઈસ્માઈલની કહાનીને રજૂ કરાઈ હતી. ઓસ્ટ્રેલિયામાં રહેતા સરદાર મિશન સિંહ નામની વ્યક્તિએ આ કહાની જોઈ હતી અને તેમણે ઈસ્માઈલને ભારતમાં રહેતા તેમના પરિવાર અંગે જાણકારી આપી હતી તથા બહેન સુરિન્દર કોરનો નંબર પણ આપ્યો હતો.

## તંત્રી લેખ...

# વિવાદ વચ્ચે પણ કેનેડા ભણવા જનારાઓમાં ૪૦ ટકા ભારતના

તમામ વિવાદ વચ્ચે પણ કેનેડા જણારાંઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. સૌથી મહત્વની વાત એ છે કે, ૨૦૧૭માં ૪,૫૪,૦૦૯ વિદ્યાર્થીઓ વિદેશ ગયા અને ૨૦૨૨માં આંકડો ૭,૫૦,૩૬૫ થયો છે. ૨૦૧૮માં આ આંકડો ૫,૧૭,૯૯૮ થયો અને ૨૦૧૯માં ૫,૮૬,૩૩૭ વિદ્યાર્થીઓ વિદેશ અભ્યાસ માટે ગયા હતા. વિશ્વમાં કોવિડની બીમારીના કારણે આંકડો ઘટયો અને વર્ષ ૨૦૨૦માં અને ૨૦૨૧માં અનુક્રમે ૨,૫૯,૬૫૫ અને ૪,૪૪,૫૫૩ વિદ્યાર્થીઓ વિદેશ ગયા હતા. ગુજરાતીઓમાં કેનેડા જવાનો 'ક્રેઝ' ખૂબ જ જોવા મળી રહ્યો છે. વિદેશ જતા વિદ્યાર્થીઓની સંખ્યા સતત વધી રહી છે. મોટાભાગના વિદ્યાર્થીઓ યુએસએ, યુકે, કેનેડા, ઑસ્ટ્રેલિયા જાય છે. કેટલાક વિદ્યાર્થીઓ ચીન, ઉઝબેકિસ્તાન, ફિલિપિન્સ, રશિયા, આયર્લેન્ડ, કિર્ગિસ્તાન, કઝાખસ્તાન એમબીબીએસ કરવા જાય છે. ૨૦૨૧ના આંકડા અનુસાર કેનેડામાં ગુજરાતી ભાષા માતૃભાષા તરીકે ધરાવતા લોકોની વસ્તી ૧,૩૮,૯૮૫ છે. કેનેડાની સરકાર વિઝા વિશેની માહિતીઓ ગુજરાતી અને હિંદી ભાષામાં પણ પ્રકાશિત કરે છે અને ગુજરાતી અખબારોમાં જાહેરાતો પણ આપે છે. વર્ષ ૨૦૨૨માં કુલ ૨.૨૬ લાખ ભારતીય વિદ્યાર્થીઓ કેનેડા ભણવા માટે ગયા હતા. જ્યારે કુલ ૧૮૪ દેશોનાં કુલ ૫.૫૧ લાખ વિદેશી વિદ્યાર્થીઓ કેનેડા ભણવા ગયા હતા. એટલે લગભગ ૪૦ ટકા વિદ્યાર્થીઓ ભારતનાં હતાં. મોટાભાગે કેનેડામાં મોન્ટ્રિયલ, વેનકૂવર, ટૉરન્ટો, ઑટ્ટાવા, ક્યૂબેક સહિતના શહેરોમાં જતા હોય છે. કેનેડાના વિઝા નિયમો સહિતની પ્રક્રિયા સરળ છે. પીઆરની પ્રક્રિયા પણ સરળ છે. છતાં ભારતીય વિદ્યાર્થીઓમાં સૌથી લોકપ્રિય દેશ અમેરિકા રહ્યો છે. અમેરિકા જતાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૪.૬૫ લાખ છે. ત્યાર બાદ કેનેડાનો નંબર બીજા ક્રમે આવે છે. અને ત્યાર પછી યુએઈનો ક્રમ આવે છે. જોકે આ સંખ્યા ભણવા જતા વિદ્યાર્થીઓની છે, જે માત્ર સ્ટુડન્ટ વિઝાનું પ્રમાણ દર્શાવે છે. અન્ય વિઝા જેમ કે એચવન-બી વિઝા, એલવન વિઝા સહિતની શ્રેણીના વિઝા પર પણ જતા લોકોની સંખ્યા ખુબ મોટી છે. કહેવાય છે કે, ગુજરાતીઓ કેનેડામાં એકબીજાની દેખાદેખીમાં પણ આવતા હોય છે. તેમના મિત્રો કેનેડા આવે એટલે તેઓ પણ કેનેડા આવવા માગતા હોય છે. જ્યારે કેટલાકને કંઈક નવું ઍક્સપ્લોર કરવું હોય છે અથવા તો પીઆર સરળતાથી મળી જાય એટલે આવે છે. પરંતુ જે લોકો પર કેનેડામાં આવીને જાતે કમાઈને આગામી વર્ષની ફી અને ખર્ચો ભેગા કરવાની જવાબદારી હોય છે, તેમના માટે પરિસ્થિતિ ખૂબ જ મુશ્કેલ બની જતી હોય છે. તેમણે મૉલ, સુપરસ્ટોર, રેસ્ટોરન્ટમાં ૧૨-૧૨ કલાકની નોકરીઓ કરવી પડે છે. તેમના માટે અસ્તિત્ત્વ ટકાવી રાખવું મુશ્કેલ બની જાય છે પણ પ્રગતિ ખુબ ઝડપથી થાય છે. કેનેડામાં નૉન-પ્રોફેશનલ્સ કૉર્સ માટે તક ઓછી છે. નોકરી મળવાની તકો આઈટી અને એન્જિનયરિંગ તથા સાયન્સ કોર્સ કર્યા પછી વધારે જોવા મળે છે. અને વૉકેશનલ સ્કિલબૅઝ્ડ નોકરીઓનું પ્રમાણ સારું છે. કેનેડામાં એક વાસ્તવિકતા એ પણ છે કે ઘણા વિદ્યાર્થીઓ અહીં આવીને ડિપ્રેશનમાં આવી જતા હોય છે.

## સમલૈંગિક વિવાહનો જટિલ સવાલ

હાલમાં જ સુપ્રીમ કોર્ટની પાંચ જજોની પીઠે સમલૈંગિક વિવાહને કાનૂની માન્યતા આપવાનો ઈનકાર કરી દીધો. શીર્ષ ન્યાયાલયે પોતાના ચુકાદામાં કહ્યું કે આ વિશે કાયદો બનાવવાનું કામ સંસદનું છે. જોકે પીઠે એના પર ભાર મૂક્યો કે સમલૈંગિક વ્યક્તિઓએ પોતાનો સાથી પસંદ કરવાનો અધિકાર છે. ઉલ્લેખનીય છેકે ૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ સમલૈંગિક સંબંધોને અપરાધના દાયરામાંથી બહાર કરી દીધા હતા. એ સારું થયું કે સુપ્રીમ કોર્ટે સમલૈંગિક વિવાહ પર કોઈ આદેશ પસાર કરવાને બદલે આ વિશે સંસદને વિચાર કરવાનું કહ્યું. આશા રાખીએ કે સંસદ સમલૈંગિક લોકોના અધિકારોની રક્ષા કરતાં સમાજ અને પરિવાર સંસ્થાને ધ્યાનમાં રાખીને જ કોઈ નિષ્કર્ષ પર પહોંચશે. ધ્યાન રહે કે સુપ્રીમ કોર્ટના ચુકાદાને સમલૈંગિક સંગઠનો પોતાના માનવાધિકારનું હનન કહી રહ્યા છે. તેમના દ્વારા એ સ્થાપિત કરવાની ચેષ્ટા કરવામાં આવી રહી છે કે તેઓ વિષમ-લિંગ દંપતિઓ જેવા જ છે અને તેમની જેમ જ સારા વાલી/પાલક બની શકે છે. પોતાના આ તર્ક પાછળ તેઓ કેટલાક સામાજિક સંસોધનોને આધાર બનાવે છે, પરંતુ કેટલાય સમાજશાસ્ત્રી અને મનોવિજ્ઞાની એમ કહેતા રહ્યા છે કે આવી શોધો મોટાભાગે વકીલો દ્વારા જ કરવામાં આવ્યા છે, જે સામાજિક વૈજ્ઞાનિક શોધની પદ્ધતિથી મોટાભાગે પરિચિત નથી હોતા, તેથી આ શોધ ત્રુટિઓથી ગ્રસ્ત છે. આ સંબંધે સૌથી ગહન સમીક્ષા સમાજશાસ્ત્રના પ્રોફેસર સ્ટીવન નોટ દ્વારા કરવામાં આવી. તેમને કેનેડાના એટર્ની જનરલના વિશેષજ્ઞ સાક્ષી રૂપે કેટલાય સો એવા અધ્યયનોની સમીક્ષા કરવા માટે કહ્યું હતું, જે સમલૈંગિકતાને ઉભયલિંગી સંબંધોને સમતુલ્ય માને છે. સ્ટીવને નિષ્કર્ષ કાઢ્યો કે તેમના દ્વારા સમીક્ષા કરવામાં આવેલ તમામ શોધોમાં નિષ્પાદનની ઓછામાં ઓછી એક ગંભીર ખામી હતી. તેમાંથી એક પણ અધ્યયન વૈજ્ઞાનિક સંશોધનના સામાન્ય સ્વીકૃત માપદંડો અનુસાર આયોજિત નહોતી કરવામાં આવી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આ તમામ અધ્યયનો એ પ્રકારે સામાજિક, વૈજ્ઞાનિક પ્રમાણ પ્રસ્તુત નથી કરતા, જેના આધાર પર સંપૂર્ણ વૈવાહિક અને પારિવારિક સંસ્થામાં બદલાવ કરવામાં આવે. આ મહત્ત્વપૂર્ણ તથ્ય પર ચિંતન કરવું જરૂરી છે કે સભ્યતાની પરિપક્વતા બાદથી જ વિવાહ અને પ્રજનન એકબીજા સાથે મજબૂતીથી જોડાયેલા છે, જેના પર સમાન-લિંગ વિવાહ સીધી રીતે આઘાત કરશે. વાસ્તવમાં સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી વિવાહનો પ્રારંભિક ઉદ્દેશ્ય જન્મ લેનારા પ્રત્યેક બાળકને માતા-પિતા, બંનેનું જ સાંનિધ્ય અને સુરક્ષા પ્રાપ્ત થવાનો છે. સમાજનો એક વર્ગ વિવાહને ભાવનાત્મક જોડાણ રૂપે જ જુએ છે. કોઈપણ દેશ વિશેષની જનસંખ્યામાં ઘટાડો તેના પર સામાજિક રાજકીય અને આર્થિક દબાણ કરે છે. સમાન લિંગ વિવાહ માત્ર વિવાહ સાથે લાંબા સમયથી જોડાયેલા પ્રજનન માપદંડને જ કમજોર નહીં કરે, બલ્કે એ પણ સ્થાપિત કરશે કે પ્રજનન અને વિવાહ વચ્ચે કોઈ જરૂરી સંબંધ નથી. એ કોઈ સંયોગ નથી કે જે દેશોએ સમલૈંગિક વિવાહને કાયદેસર બનાવી દીધા છે, ત્યાં પ્રજનન દર દુનિયામાં સૌથી ઓછો છે. સમલૈંગિક જોડીઓ દાવો કરે છે કે સમલૈંગિકતા પ્રાકૃતિક કે જૈવિક છે, પરંતુ આ દાવાથી ઈતર સમલૈંગિક સંબંધો પર બહુચર્ચિત પુસ્તક 'હોમોસેક્સુઅલિટી એન્ડ ધ પોલિટિક્સ ઓફ ટ્રુથ'ના લેખક ડો.જેફરી સતિનોવર કહે છે કે તેમણે એ અનેક દાવાની તપાસ કરી, જે એમ કહે છે કે સમલૈંગિકતા પ્રાકૃતિક અને સ્વાભાવિક છે. સતિનોવરે જોયં કે તેમાંથી કેટલાય અધ્યયન ત્રુટિપૂર્ણ છે.

## શીર્ષક - (બોધકથા) દેવીની સાચી આરાધના કંઈ ?

# જૂનાગઢના નવાબ એ હિંદુ પ્રજાને રંજાડવા માટે તેણે હિંદુ ધર્મની નવરાત્રી જેવી પ્રથાઓ ઉપર પ્રતિબંધ મૂક્યો, ત્યારથી બેઠાં ગરબાની પ્રથા શરૂ થઈ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)





રેશ્મા અને રિદ્ધિ બંને નણંદ ભોજાઈ હોવા છતાં સમોવડી ઉંમરના હોવાથી મિત્રતા જેવો સંબંધ હતો, આજે રિદ્ધિ ને રવિવારની રજા હોવાથી બંને જણા વાતોએ વળગ્યા હતાં, અને વાતનો મુખ્ય વિષય નવરાત્રી હતો. નવરાત્રી આવે એટલે ખૂબ ગરબા લેવા છે. ભૈરવી બેન બંનેની વાતચીત સાંભળતા હતાં, તેમણે બંને ટપારતા કહ્યું કે શું ક્લબમાં ઓરકેસ્ટ્રા પર નાચવું એ જ આપણી સંસ્કૃતિ છે? એને જ ગરબા કહેવાય? ગરબાનું મૂળ મહાત્મ્ય તો મા આદ્યશક્તિની આરાધનાનું છે, અને ગરબા થકી આપણે તેમને પ્રસન્ન કરવાનાં હોય છે.

આમ તો ભૈરવી બેન સામાન્ય ગૃહિણી જ હતાં, પરંતુ નાનપણથી સમાજમાં સ્ત્રી પ્રત્યે જે ભેદભાવ હતો એની માટે તેને ખૂબ ગુસ્સો હતો, અને એક સશક્ત સ્ત્રીનું રુપ સ્વરૂપ એ સમાજને દેખાડવા માગતા હતા. એકબાજુ થીં શક્તિની પૂજા ને બીજી બાજુ તેનું શોષણ! એ તેની સમજ બહાર હતું. એટલે કર્તવ્ય કર્મ થોડું ઓછું થતાં એમણે સમાજ સેવા કરવાનું શરૂ કર્યું, અને અત્યારે ભૈરવી બેન પોતાના શહેરની મહિલા મંડળનાં પ્રમુખ હતાં, આ મહિલા મંડળ ખુબજ ઉમદા કાર્ય કરતુ હતું અને ભૈરવી બેનના કામથી પણ શહેરવાસીઓ ખુબ ખુશ હતા. આ ઉપરાંત તે એક સોશિયલ સંસ્થાના ટ્રસ્ટી પણ હતાં, અને હવે તેમણે પોતાની સોશ્યલ લાઈફ એટલે કે સેવાકીય પ્રવૃત્તિઓ વધારી દીધી હતી. મહિલા મંડળના અધ્યક્ષ તરીકે પણ તે શહેરના પછાત વિસ્તારમાં રહેતી સ્ત્રીઓના પ્રશ્નો સોલ કરતાં. તો ક્યારેક કોઈ પોતાના પતિ, સાસુ, સસરા, દિયર, જેઠ, કે પછી દિકરાથી પીડીત હોય, અને સંસ્થામાં આવે એટલે ભૈરવી બેન તરત જ તેની ષ્ટકુજી રૈર્જાઅિ તપાસે અને જો તેની વાતમાં જરા પણ સત્ય લાગે તો, તે તેને પૂરતી મદદ કરવા પોલીસની મદદ લઈ અને તેના સગા વ્હાલાઓને ગમે તે રીતે સમજાવે, અથવા ધાક-ધમકી આપીને પણ તે સ્ત્રીનું તૂટતું ઘર બચાવે. છતાં પણ તે સ્ત્રી પોતાના પરિવારમાં પાછી જવા ન માંગતી હોય, તો એને પગભર કરવા ગૃહ ઉદ્યોગ વાળા વિભાગમાં ગોઠવી દે.

આજે ભૈરવી બેન ખૂબ જ વ્યસ્ત હતાં, નવરાત્રી ચાલતી હતી, અને રોજ તેમના મિત્ર મંડળમાં કોઈ ને કોઈનાં ઘરે બેઠા ગરબાનું આયોજન થતું હતું. આજે તેમના ઘરનો વારો હતો. માતાજીના ધૂપ આરતી સ્તુતિ વગેરે થશે, અને ભાવગીત રૂપે ગરબાઓ ગાવામાં આવશે. ત્યારબાદ સૌને પ્રસાદની તેમજ લ્હાણીની વહેંચણી પણ કરવામાં આવશે. પોતાનો કાયમનો એવો અભિપ્રાય હતો કે તે અન્યથી થોડું જુદું કરતાં, એટલે કે કંઈક વિશેષ કરવામાં તેમને બહુ જ આનંદ આવતો. એટલે રૂમની સજાવટથી માંડીને બધું જ નવેસરથી કરવાનું હતું. ભૈરવી બેનનું ઘર ખાસ્સું મોટું હતું, એટલે આમ તો નાગરી બાંધણીથી બંધાયેલી મોટી હવેલી હતી. દીવાનખંડ પણ મોટો હતો, એટલે વચ્ચે વચ્ચે થોડીક યુવતીઓ ગરબા રમી શકે તેવી પણ જગ્યા હતી. એટલે રેશ્મા અને રિદ્ધિ બંને તો કેટલાય દિવસે ગરબા રમવા મળશે એ વિચારી પોતાના ડ્રેસિંગ વિશેની તૈયારીમાં પડ્યાં હતાં. અંદાજે ૪૦ થી ૪૫ સખીયો એકઠી થવાની હતી, અને થોડા ઘણાં પુરુષો પણ ખરા. એમણે બધા બેસી શકે એ માટે દીવાનખંડ માંથી હિંચકો છોડાવી ને કાશ્મીરી ગાલીચો પથરાવ્યો. ગરબા બાદ કઢેલું દૂધ અને ચેવડો પેંડાની વ્યવસ્થા વિચારી હતી, તો પ્રસાદમાં પણ સુકામેવાનો થાળ તૈયાર કરી રાખ્યો હતો.એમના વડસાસુ ને અંબાજીમાં બહુ શ્રદ્ધા હતી એટલે એક મૂર્તિ પણ કરાવી હતી. માતાજીને પણ લાલ કલરનું અંબર અને સાચા હીરાના આભુષણો પહેરાવી તૈયાર કર્યા હતાં. ભૈરવીને પોતાનું નાનપણ યાદ આવી ગયું, કેટલા લાડકોડથી મા તેને નવરાત્રીમાં તૈયાર કરતી હતી, નામ પણ માતાનું હોવાથી વિશેષ આનંદ રહેતો. આમ તો ત્યારે શેરી ગરબી થતી, ક્લબની શરૂઆત ત્યારે થઈ ન હતી, અને આઠમ કે નોમને દિવસે સ્તુતિ આરતી પછી સાંસ્કૃતિક પ્રોગ્રામ રહેતો, એટલે કે શેરીની બાળાઓ પોતાનું સ્વતંત્ર પરફોર્મન્સ આપતી. એકવાર તો પોતે લગભગ ૧૫ આઈટમમાં ભાગ લીધો હતો, અને મમ્મીએ ખુબ જ સરસ દેવી સ્તુતિ પર નૃત્ય પણ શીખવાડ્યું હતું, આજે તો હવે એ છે પણ નહીં. ભૈરવી બેનનાં સસરા જૂનાગઢના જાણીતા ગર્ભ શ્રીમંત નાગર ગૃહસ્થ હતાં, એટલે ઘરમાં દોમદોમ સાહેબી હતી. બધી જ તૈયારી થઈ ગઈ, અને છેલ્લી એક નજર નાખતા ભૈરવી બેન ઉભા હતાં, ત્યાં તેની નાની દીકરી રિદ્ધિ આવી અને બોલી મમ્મી આ બેઠા ગરબાની પ્રથા ક્યારથી શરૂ થઈ? શું તું ક્યારેય ગરબા લેવા ગઈ જ નથી? ભૈરવી બેને કહ્યું કે ના એવું નથી મેં તો ખૂબ જ ગરબા લીધા છે, અને દર વખતે ઈનામ પણ જીત્યું છે. કોઈ કોઈ વાર તો નવ દિવસનું સર્વશ્રેષ્ઠ ઈનામ પણ જીતી છું, અને કોલેજમાં તો ગરબા ગાવાની હરિફાઈમાં પણ પહેલો નંબર આવ્યો હતો. પણ મૂળ પરંપરા તો મા આદ્યશક્તિને પ્રસન્ન કરવા ના હોય, એ વાત મને તારી નાની એ હું નાની હતી ત્યારે મને સમજાવ્યું હતું, ચાલ હું તને આજે આ બેઠા ગરબાની પ્રથા વિશે વાત કરું.

અંગ્રેજોએ આપણા દેશ પર કબ્જો કર્યો હતો એ વાત તો તને ખબર છે ને? હા મમ્મી ગાંધીજી અને અન્ય નેતાઓનાં બલિદાનને કારણે ભારત સ્વતંત્ર તો થયું એટલે કે અંગ્રેજો ચાલ્યાં ગયાં, પરંતુ એ સમયે એવો એક જુવાળ ચાલ્યો કે આઝાદીની લડતમાં ભાગ લેનાર મુસ્લિમ મહંમદ અલી ઝીણાને પાકિસ્તાન સ્વતંત્ર દેશ તરીકે જોઈતું હતું, અને ભારત પાકિસ્તાનના ભાગલા પડ્યાં. એવે સમયે જુનાગઢના નવાબ મહોબ્બત અલી ખાનને પણ પાકિસ્તાનમાં જોડાવું હતું, અને તેણે ઘણી કોશિશ કરી પરંતુ તે ફાવ્યા નહીં, આથી તે સમયની હિંદુ પ્રજાને રંજાડવા માટે તેણે હિંદુ ધર્મની નવરાત્રી જેવી પ્રથાઓ ઉપર પ્રતિબંધ મૂક્યો,આમ તો બેઠા ગરબાની પ્રથા આઝાદી પહેલાં ૧૯૪૬ માં શરું એટલે કે નવરાત્રી ઉત્સવ ઉજવવાની સખત મનાઈ ફરમાવી. આથી તે સમયના હિન્દુ આગેવાનોએ પોતાના આ તહેવારની મહત્તા જળવાઈ રહે, એ માટે બેઠા ગરબાની પ્રથા શરૂ કરી અને જૂનાગઢમાં ધીમા અવાજે માતાજીનાં ગરબા ગાઈને તેઓ આ ધાર્મિક તહેવાર ઉજવતાં હતાં. થોડો વખત તો આ બધું ચાલ્યું, પરંતુ પાછળથી નવાબને જાણ થતાં બે ત્રણ જુથ પકડાઈ ગયાં, ને એમને મૃત્યુદંડ પણ થયો. પછીથી નક્કી થયું કે બેઠાં ગરબામાં પુરુષો જ ભાગ લે,પણ આ રીતે એ લોકોએ નવરાત્રીમાં બેઠા ગરબાની આ પ્રથા ચાલુ રાખી.

ભૈરવી બેનના ઘરે નંદુ નામની એક વિધવા સ્ત્રી ઘરનું કામ કરતી હતી, આમ તો ભૈરવી બેન પછાત વિસ્તારમાંથી તેને પરિવારની સતામણી હોવાથી લઈ આવ્યા હતાં, અને ઘર જેવું વાતાવરણ મળી રહે, એ માટે ઘરકામ માટે રાખી હતી.નંદુ ઉંમરમાં ખાસ મોટી નહોતી, અને તેને જિંદગીનો હજી કોઈ રસ ચાખ્યો પણ નહોતો, ત્યાં જ તેનો પતિ ગુજરી ગયો. એટલે ગરબા વગેરેનો શોખ તો તેને પણ હોય જ, પરંતુ વિધવા સ્ત્રી માટે સમાજમાં અમુક કુરિવાજો છે, એટલે તે આવા માંગલિક પ્રસંગોમાં ભાગ લઈ ન શકે, એવું સમાજના લોકો માને. પણ ભૈરવી બેનને આ વાત ખૂંચતી હતી, તેમણે મનોમન કંઈક નક્કી કર્યું હતું.


સંધ્યાનો સમય થયો અને બધા જ વારાફરતી વારાફરતી આવવા લાગ્યાં, થોડી વારમાં તો ભૈરવી બેનનાં તમામ આમંત્રિતો આવી ગયાં, અને માતાજીની સ્તુતિ કરી પછી ગરબા ગાવાનું શરૂ કર્યું. ખાસો બે કલાકનો સમય ગરબા ગાવામાં ચાલ્યો ગયો, અને હવે આરતી કરી લઈએ એમ બધાનો મત પડ્યો. આરતી તૈયાર કરી અને ભૈરવી બહેને નંદુને બોલાવી, નંદુ એ ઘણી આનાકાની કરી પણ એણે એની પાસે જ આરતી કરાવી, અને તેને અન્ય સુહાગણને અપાયેલી લ્હાણી પણ આપી,અને કહ્યું તું પણ એક શક્તિ સ્વરૂપા છો,તને શક્તિની આરાધના કે આરતી પૂજા કરતા કોઈ રોકી શકે નહીં.એમણે પોતાની સખી ઓને કહ્યું,મા ભવાની વિષે સમાજમાં બહુ મોટી ગેરસમજ પ્રવર્તી રહી છે, એને આ રીતે આપણે જ દૂર કરવી પડશે, અને આમ જૂવો તો આ પણ એક પ્રકારનું દૈવી પૂજન જ છે. આ ઉપરાંત સમાજનો સાચે વિકાસ કરવો હોય તો સ્ત્રી સશક્તિકરણનું સંગઠન મજબૂત કરવું પડશે, અને મારું તારું વિચાર્યા વગર બધી સ્ત્રીઓ એ આગળ આવવું પડશે, અને પહેલાં સંબંધના વેરઝેર અને સમાજના કુરિવાજો ભૂલીને એકબીજાનું સન્માન ને રક્ષણ કરવું પડશે.

# જીવનમાં સદાચાર, સમત્વ, સંયમ, કરૂણા જરૂરી હોય છે તેના વગર ખરો આનંદ માણી શકાતો જ નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા





ગઈકાલે આપણે રાવણનું દહન કરી દુકાનો ફૂટપાથ જ્યાંથી મળ્યાં ત્યાંથી જલેબી ફાફડા જેવી ખાદ્ય વસ્તુઓ લઈને ખાઇ વિજયા દશમીના તહેવારની ઉજવણી ધામધૂમથી કરી.ફક્ત બાહ્ય રાવણ ના દહનથી સંતોષ માનવાની જરૂર નથી.જ્યાં સુધી આપણા હૃદય મનમાંથી દશાનન નામની ઘૂસેલી વિકૃતિઓનું દહન ના થાય ત્યાં સુધી ખરો આનંદ માણી શકાતો જ નથી જીવનમાં સદાચાર, સમત્વ, સંયમ, કરૂણા જરૂરી હોય છે.તો આજે કંઈક વિશે જાણી સ્વચ્છ નિર્મળ બનીએ.

બુદ્ધિશાળી પ્રાણી જેવી રીતે એકબીજા સાથે તથા બીજાં પ્રાણીઓ સાથે વ્યવહાર કરે છે – એને સદાચાર કહેવામાં આવે છે.

સત્ય બોલવું, અહિંસાનું પાલન કરવું, બીજાની ભાવનાઓ પર મન,વચન,તેમ જ કર્મ વડે પ્રહાર ન કરવો, કોઈને પણ કડવા શબ્દો કહેવા નહિ,કોઈ પ્રત્યે ક્રોધ નકરવો બીજાને ગાળ ન દેવી, બીજાની નિંદા ન કરવી, બધામાં ઈશ્વરનું દર્શન કરવું– એ સદાચાર છે.જો તમે કોઈને ગાળ દો અથવા કોઈની લાગણી પર આઘાત પહોંચાડો તો તમે તમારી જાતને જ હકીકતમાં નુકસાન પહોંચાડો છો અને ઈશ્વર ની ભાવના પર આઘાત પહોંચે છે હિંસા જ્ઞાન તથા ભક્તિની કાતિલ શત્રુ છે એ અલગતા તથા લઘુતા લાવે છે જેનાથી બીજાને કોઈ ફાયદો ન થાય અથવા જેનાથી મનુષ્યને શરમાવું ના પડે તેવા કાર્ય માટે કદાચ પ્રયત્ન ન કરો એવાં કરો કે જે સમાજમાં પ્રસંશાને પાત્ર બને આજ સદાચારનો ટૂંકો પરિચય છે મનુ ભગવાને પણ સ્મૃતિમાં કહ્યું છે કે આચાર જ સર્વોત્તમ ધર્મ છે આચારથી જ ધર્મ સત્ય સત્કર્મ શક્તિ તથા સંપત્તિની ઉત્પતિ થાય છે બધા ઉપદેશો કરતા શ્રેષ્ઠ આચાર છે આચારમાંથી ધર્મની ઉત્પત્તિ થાય છે ધર્મ જીવનને સમૃદ્ધ બનાવે છે સદાચાર વિના કોઈપણ વ્યક્તિ ધ્યેય હાંસલ કરી શકતી નથી એવી કોઈ વસ્તુ નથી જે સદાચારી ને પ્રાપ્ત ન થાય. જેઓ સદાચારી છે તથા સારા કાર્યો કરે છે તેમને લોકો અધિક સન્માને છે જે વ્યક્તિ પોતાની પ્રગતિ ઈચ્છે છે તેણે સદાચારી બનવું જોઈએ. સમત્વ ભાવ જોઈએ તો સુખ-દુઃખ, સફળતા-વિફલતા, માન-અપમાન, નિંદા-સ્તુતિમાં મનને સંતુલિત રાખવું એને સમત્વ કહેવાય છે.

કઠણ પરિસ્થિતિમાં મનની સ્થિરતા તથા શાંતિ રાખવી એ સમત્વ છે.સમત્વનો મહિમા અવર્ણનીય છે. આ ગુણવાળી વ્યક્તિ વિપત્તિમાં પણ ખિન્ન થતી નથી અને સંપત્તિમાં હર્ષ અનુભવતી નથી.એ બીજા ઓને પ્રિય થાય છે અને પોતે પણ સંતુષ્ટ રહે છે. આ દ્વંદ્વાત્મક જગતમાં મનુષ્ય આવેગોથી વિભિન્ન તરંગો દ્વારા અહીં તહીં ડોલતા રહે છે. એને ક્યારેક લાભ, સફળતા, માન તથા સ્તુતિ પ્રાપ્ત થાય છે.બીજી જ ક્ષણે તેને વિફલતા,હાનિ,અપમાન નિંદા તથા નિરાશા મળે છે. જેનું મન સંતુલિત છે તે આ જગતમાં સુખ અને શાંતિથી રહે છે.સમત્વ જ યોગ છે. આવી અવસ્થા પ્રાપ્ત કરવાને માટે સતત સાવધાની, ઉત્સાહ,ધૈર્ય, શરીર,મન તેમજ ઈન્દ્રિયો પર સંપૂર્ણ સંયમની આવશ્યક્તા છે. તે એક દિવસ અથવા એક મહિનાના પ્રયાસથી પ્રાપ્ત થતો નથી.

સદા "સમ બ્રહ્મ"નું ચિંતન કરો. એ બ્રહ્મ સર્વમાં એક સરખી રીતે વસે છે. ધીમે ધીમે તમને સમત્વ પ્રાપ્ત થશે. વિષય ભોગથી બચવું તે સંયમ છે. પોતાના આવેગો, રુચિઓ,કામ વાસના, ઈન્દ્રિયો તથા મનને પોતાને આધીન રાખવાની શક્તિ તે સંયમ અથવા આત્મસંયમ છે. સંયમ એ અનુશાસન છે. સાધકમાં વૈરાગ્ય વિકસિત કરે છે. બધા ઉપભોગોમાં પિરિમત રહેવું તે સંયમ છે.પાશવી વૃત્તિઓને રોકવી એ સંયમ છે. આહાર સંયમ વ્યસન ત્યાગ, બ્રહ્મચર્ય વગેરે યોગ માર્ગમાં ઉન્નતિ કરે છે. સંયમએ બધા ગુણોનું અધિ ષ્ઠાન છે. આત્મ સંયમ દ્વારા મુસીબતો સહન કરવાની શક્તિ અને વિપત્તિઓનો સામનો કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. આત્મ સંયમ દ્વારા પુણ્યની પ્રાપ્તિ થાય છે. સંયમ,દાન અને વેદાધ્યયનથી પણ શ્રેષ્ઠ છે. આત્મ સંયમ દ્વારા તમારી શક્તિ વધશે. પાપોથી મુક્ત થશો. વિશુદ્ધ બની બળ મેળવશો.પરમ કલ્યાણ પ્રાપ્ત થશે.આત્મ સંયમ જગતમાં સર્વોત્તમ ધર્મ છે.

આત્મ સંયમ વિનાની વ્યક્તિ જગતમાં સદા દુઃખ ભોગવે છે. વિપત્તિઓ નોતરે છે. ક્ષમા, ધૈર્ય, અહિંસા,નિષ્પક્ષતા, સત્ય, ઈન્દ્રિય દમન, કુશળતા, ભદ્રતા, દૃઢતા, ઉદારતા, અક્રોધ, સંતોષ, મધુર વાણી, દાનશીલતા, અદ્વેષ એ બધાનો સમન્વય એ સંયમ છે. ચારિત્ર નિર્માણ માટે સંયમ આવશ્યક છે. સંયમ એ સર્વોત્તમ શિક્ષણ છે. એના સિવાય બધું શિક્ષણ નકામું છે. તે જ બધી સફળતાનું રહસ્ય છે. જે મનુષ્ય પોતાની તૃષ્ણાઓ, કામનાઓ, ઈચ્છાઓ તથા પ્રવૃત્તિઓ સાથે સફળતાપૂર્વક લડે છે અને તે સર્વે ને પોતાના કાબૂમાં રાખે છે તે જ સૌથી મોટો વિજેતા છે. સંયમ કેળવવા માટે વ્રત કરવાં જરૂરી છે. ચા, કોફી કે અન્ય વ્યસનનો એક સપ્તાહ માટે ત્યાગ કરો. સપ્તાહ અથવા મહિના માટે ખાંડ કે મીઠાનો ત્યાગ કરો.ભોજન માં પણ ચોક્કસ વસ્તુઓનો ત્યાગ કરો. ઉપવાસ અને વ્રતો,શ્રદ્ધા અને નિશ્ચયપૂર્વક કરવાથી સંયમ નો વિકાસ થાય છે. ઈશ્વર કરુણાનો સાગર છે. તે કરુણાનિધાન છે. તમે તેની સાથે યોગ પ્રાપ્ત કરવા ચાહતા હો, જો તેમાં વિલીન થઈ જવા માગતો હો, જો તમે એમાં નિવાસ કરવા ચાહતા હો તો તમારે કરુણા સ્વરૂપ બનવું જોઈએ. સાધુ માટે કરુણાએ સર્વશ્રેષ્ઠ સદ્ ગુણ છે.ક્રૂરતા,નિર્મમતા,ઉદ્દંડતા, રુક્ષતા, ભયંકરતા,વગેરે કરુણાના શત્રુ છે. કોમળતા, મધુરતા, સુશીલ તાની એ સખી છે. કરુણા બધા સદ્ગુણોની શોભા છે.કરુણા ઈશ્વરની સહુથી મોટી વિભૂતિ છે. કરુણાથી પાપી હૃદય કોમલ તથા શુદ્ધ બને છે. કોઈ અપરાધીને તેના અપરાધને માટે શિક્ષા ન કરતાં કોમળતા તથા ક્ષમા બતાવવી તે કરુણા છે. કરુણ બીજાનાં દુઃખોને સમજે છે, અને તેની મદદ માટે હંમેશાં તૈયાર રહે છે. બીજાનાં કષ્ટો તરફ સહાનુભૂતિ રાખો. બીજાને ન્યાય આપતી વખતે કારુણિક બનો. તમારી દુર્બળતા અને દોષોને યાદ રાખો. બીજાની સમાલોચના કરતી વખતે નમ્ર બનો,ખરાબ કર્મ કરનારે તરફ ઉદાર હૃદય રાખો. સાધુ સંતોની સંગત કરો, ઈશ્વરનું ધ્યાન ધરો. તેના નામનો જપ કરો. કીર્તન તથા તેના મહિમાનું ગાન કરો. તમારામાં કરુણાનો વિકાસ થશે. ધીરે ધીરે કરુણા તમારા સ્વભાવનું એક અંગ બની જશે.

# શું તમે જાણો છો કે હોમિયોપેથી દવામાં આલ્કોહોલ હોય છે કે નહીં?






જો તેમાં આલ્કોહોલ હોય છે. તો કેટલા ટકા પ્રમાણમાં હોય છે? અને તે નશાનું કારણ બને છે કે નહીં? આપના આ તમામ સવાલોના જવાબ અમે નિષ્ણાત પાસેથી જાણી લાવ્યા છીએ. લોકોને એલોપેથીની જાડી કડવી ગોળીઓ કરતાં હોમિયોપેથીની દવાનો સ્વાદ વધુ ગમે છે. બાળકો હોય કે મોટા, દરેકને હંમેશા નાની-નાની મીઠાઈઓ ખાવાનું ગમતું હોય છે અને તેને ખાધા પછી સ્વસ્થ થઈ જાય છે. હોમિયોપેથી દવાઓનો ઉપયોગ હંમેશા લોકોની સારવારમાં થતો આવ્યો છે. જેઓ શરૂઆતથી હોમિયોપેથિક પદ્ધતિથી પોતાની સારવાર કરતા આવ્યા છે, તેઓ એલોપેથી અને આયુર્વેદિક સારવારને બદલે માત્ર હોમિયોપેથિક સારવાર જ સમજે છે. મોટાભાગના લોકો બાળકોને મીઠી ગોળીઓ પણ આપે છે, પરંતુ શું તમે જાણો છો કે હોમિયોપેથી દવામાં આલ્કોહોલ હોય છે કે નહીં? જો તે થાય છે, તો કેટલા ટકા અને તે નશાનું કારણ બને છે કે નહીં. આ જાણવા માટે લોકલ ૧૮એ ભારતના હોમિયોપેથિક મેડિકલ એસોસિએશનના સભ્ય અને લખનૌના વરિષ્ઠ હોમિયોપેથિક ડૉક્ટર અનિલ કુમાર ત્રિપાઠી સાથે વાત કરી.

ડોક્ટર અનિલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે, હોમિયોપેથિક દવાઓમાં આલ્કોહોલ ભેળવવામાં આવે છે. હોમિયોપેથિક દવાઓમાં આલ્કોહોલ ઉમેરવામાં આવે છે જેથી તેને સાચવી શકાય. એટલે કે તેને સાચવી શકાય છે. આ હોમિયોપેથિક દવાઓની શક્તિ અને ગુણવત્તા જાળવવા માટે કરવામાં આવે છે. તેમણે કહ્યું કે, હોમિયોપેથિક દવાઓમાં આલ્કોહોલનો ઉપયોગ બહુ ઓછી માત્રામાં થાય છે અને લોકો હોમિયોપેથિક દવાઓથી નશો કરતા નથી. હોમિયોપેથિક દવાઓમાં વધારાનો ન્યુટ્રલ આલ્કોહોલ ઉમેરવામાં આવે છે જે શુદ્ધ આલ્કોહોલ છે પરંતુ તેમાં કોઈ સુગંધ કે સ્વાદ નથી. તેનો ઉપયોગ માત્ર દવાને સાચવવા માટે થાય છે, જેથી દવાની ગુણવત્તા અને શક્તિ કે અસર જળવાઈ રહે. તેનાથી કોઈને કોઈ નુકસાન થતું નથી અને ન તો કોઈ પ્રકારનો નશો થાય છે. કેટલાક લોકો હજુ પણ તેમના રોગોની સારવાર માટે એલોપેથિક દવાઓ કરતાં હોમિયોપેથિક દવાઓનો વધુ ઉપયોગ કરે છે. આ ભાગદોડ ભરેલી લાઈફસ્ટાઈલ અને ખરાબ ડાયટને લીધે જેટલી જલ્દી આ બીમારી પકડાઈ જાય છે.

# કૂતરું કરડે ત્યારે ક્યારે ઇન્જેક્શન લેવું જોઇએ?



કૂતરું કરડવાથી રેબિઝ નામની બીમારી થવાનો ખતરો રહે છે જેનાથી બચવું ખૂબ જરૂરી હોય છે. આ માટે કૂતરું કરડે ત્યારે નાની-નાની વાતોનું ધ્યાન રાખવુ ખૂબ જરૂરી છે. ખાસ કરીને ઈન્જેક્શન પણ લેવું જોઈએ. કૂતરું કરડે ત્યારે ખતરનાક સાબિત થાય છે. સામાન્ય રીતે ગલી-મહોલ્લામાં કૂતરા જ્યાં-ત્યાં ફરતા હોય છે. એવામાં અનેક લોકોને કૂતરું કરડવાનો ડર લાગતો હોય છે. આમ ક્યારેક-ક્યારેક તો કૂતરું ભસતા-ભસતા ક્યારે વ્યક્તિને કરડી જાય છે એનો ખ્યાલ રહેતો નથી. કૂતરું કરડે ત્યારે એનો દુખાવો અનેક ઘણો થતો હોય છે. આ સાથે બળતરા પણ થાય છે. ઘણાં લોકોને સોજો પણ આવી જાય છે. આમ, જ્યારે કૂતરું કરડે ત્યારે ઈન્જેક્શન લેવું ખૂબ જરૂરી છે. આમ, તમે સમયે ઈન્જેક્શન લેતા નથી તો રેબીઝની બીમારી થઇ શકે છે જેના કારણે દુખાવો થઈને ઘણી વાર મોત થઈ શકે છે. આ માટે કૂતરું કરડે ત્યારે આ વાતને નજરઅંદાજ કરશો નહીં. કૂતરા કરડ્યા પછી જો યોગ્ય સમયે ઈન્જેક્શન ન આપવામાં આવે તો હડકવા જેવી બીમારી થાય છે અને તે મૃત્યુનું કારણ પણ બની શકે છે. જો કૂતરો કરડે તો બેદરકારી ન રાખો. જાણો કેટલા કલાકમાં ઈન્જેક્શન કરવું જોઈએ. મેક્સ વેટરનરી હોસ્પિટલના ડો.અખિયાર ખાન આ વિશે જણાવે છે કે જ્યારે કૂતરું કરડે ત્યારે સૌથી પહેલાં એ જગ્યાને ધોઈ લો. ત્યારબાદ ડિટરજેન્ટ સાબુ જેમ તેમજ રિન તેમજ સર્ફ એક્સેલ સાબુથી પ્રોપર રીતે ધોઈ લો. આમ, ઘા ઊંડો છે તો આ જગ્યાને સૌથી પહેલાં સાબુથી ધોઈ લો અને પછી બિટાડીન મલમ લગાવી દો. ત્યારબાદ રેબીઝ વાયરસની અસર થોડી ઓછી થઈ જાય છે, પરંતુ સારી અને પ્રોપર રીતે ક્લિન કરવુ ખૂબ જરૂરી છે. આ સાથે જ્યારે કૂતરું કરડે ત્યારે ટેટનસનું ઈન્જેક્શન સૌથી પહેલાં લઈ લો. ટેટનસનું ઈન્જેક્શન લેવાથી ઘા ઠીક થાય છે. આ એક વેક્સીનની જેમ કામ કરે છે. ડૉક્ટરના કહેવા પ્રમાણે, કૂતરો કરડ્યાના ૨૪ કલાકની અંદર હડકવા વિરોધી ઈન્જેક્શન આપવું જોઈએ. નહીં તો અનેક પ્રકારની સમસ્યાઓ થઈ શકે છે. ઘણીવાર કૂતરો કરડ્યા પછી ૫ ઈન્જેક્શન આપવા પડે છે, પરંતુ પહેલું ઈન્જેક્શન ૨૪ કલાકની અંદર આપવું જોઈએ. આ પછી, બીજું ઈન્જેક્શન ૩ જી દિવસે, ત્રીજું ૭ માં દિવસે, ચોથું ૧૪ માં દિવસે અને છેલ્લું ૨૮ માં દિવસે આપવામાં આવે છે. ડોકટરોનું કહેવું છે કે કેટલીકવાર કેટલાક લોકોને ઈન્જેક્શન પછી તાવ જેવી સમસ્યા થઈ શકે છે.

# સ્વાસ્થ્ય માટે આલ્કોહોલ ફાયદાકારક છે કે નહીં?

વૃદ્ધ લોકો કરતાં યુવાનોને દારૂના સેવનથી વધુ સ્વાસ્થ્ય જોખમોનો સામનો કરવો પડે છે. રિસર્ચ જર્નલ 'લેન્સેટ'માં શુક્રવારે પ્રકાશિત થયેલા વૈશ્વિક અભ્યાસમાં આ વાત કહેવામાં આવી છે. ભૌગોલિક પ્રદેશ, ઉંમર, લિંગ અને વર્ષ દ્વારા આલ્કોહોલ સાથે સંકળાયેલા જોખમને જોવા માટેનો આ પહેલો અભ્યાસ છે. તેણે ઉમેર્યું હતું કે, વિશ્વભરમાં આલ્કોહોલના સેવનની ભલામણો વય અને સ્થાન પર આધારિત હોવી જોઈએ, જેમાં ૧૫-૩૯ વર્ષની વયના પુરૂષોને લક્ષ્યાંકિત કરતી કડક માર્ગદર્શિકા હોવી જોઈએ. ઓછું અભ્યાસ કહે છે કે, આ વયજૂથમાં આલ્કોહોલનું સેવન કરવાથી સ્વાસ્થ્ય માટે જોખમ વધી જાય છે. અભ્યાસ એ પણ સૂચવે છે કે, ૪૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના પુખ્ત વયના લોકોને જો કોઈ ગંભીર બીમારી ન હોય તો મધ્યમ માત્રામાં આલ્કોહોલ પીવાથી થોડો ફાયદો થઈ શકે છે. આવી સ્થિતિમાં, આ જૂથને હૃદય રોગ, હાર્ટ એટેક અને ડાયાબિટીસનું જોખમ ઓછું છે. સંશોધકોએ ૨૦૪ દેશોમાં આલ્કોહોલના વપરાશના અંદાજના આધારે ૨૦૨૦માં ૧.૩૪ અબજ લોકોએ હાનિકારક માત્રામાં આલ્કોહોલનું સેવન કર્યું હોવાની ગણતરી કરી હતી. સંશોધકોએ જણાવ્યું હતું કે, દરેક પ્રદેશમાં અસુરક્ષિત માત્રામાં આલ્કોહોલનું સેવન કરનાર વસ્તીનો સૌથી મોટો વર્ગ ૧૫-૩૯ વર્ષની વયના પુરુષો હતા.

# નાળિયેરના તેલમાં આ સફેદ વસ્તુ મિક્સ કરીને ચહેરા પર લગાવો, ચમકવા લાગશે તમારી સ્કિન

નાળિયેર તેલ આપણા વાળ માટે જ નહીં પરંતુ આપણા ચહેરા માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. ફક્ત સમય મળે ત્યારે આ સફેદ વસ્તુને મિક્સ કરીને ચહેરા પર લગાવી લો. ચહેરાને સુંદર ગ્લોઈંગ બનાવવા માટે ઘણા નુસખા છે, પરંતુ તે કેટલાં કારગર હશે તે કહી ન શકાય. નાળિયેર તલના ફાયદા તો તમે બધા જ જાણતા હશો. વાળથી લઈને આપણી સ્કિન માટે તેના ઘણા ચમત્કારી પરિણામ જોવા મળે છે. આ નુસખો બોલિવૂડ એક્ટ્રેસ અજમાવે છે. ખાસ વાત કરીએ આલિયા ભટ્ટની જો તેની ગ્લોઈંગ સ્કિન રહસ્ય આ જ છે. જો તમે નાળિયેર તેલ સાથે કપૂર મિક્સ કરીને લગાવશો તો અસર બમણી થઈ જશે. તો ચાલો જાણીએ નાળિયેર તેલ સાથે કપૂરને મિક્સ કરીને યુઝ કરવાથી શરીરને કયા-કયા ફાયદા થશે. સ્કિનઃ જો તમારી સ્કિન ડ્રાય છે તો નાળિયેર સાથે કપૂર મિક્સ કરીને લગાવો, તેનાથી ચહેરા પર મોઈશ્ચર રહેશે. સાથે જ પફીનેસ અને સોજો પણ ઓછો થશે. પિંપલ્સઃ પિંપલ્સને દૂર કરવામાં નાળિયેર સાથે ભેળવેલું કપૂર જાદુની જેમ કામ કરે છે. આ બંનેને મિક્સ કરીને પિંપલ ઉપર લગાવી દો. જોતજોતામાં પિંપલ્સ ગાયબ થઈ જશે. શિયાળાની સીઝન આવી ગઈ છે, તેવામાં




ડેંડ્રફની સમસ્યા સામાન્ય વાત છે. ડેંડ્રફથી છૂટકારો મેળવવા માટે નાળિયેરના તેલમાં કપૂરને મિક્સ કરીને વાળમાં લગાવો. શિયાળામાં એક અન્ય સમસ્યા વધુ જોવા મળે છે તે છે હોઠ ફાટવાની. જો તમે નાળિયેરના તેલમાં થોડુ કપૂર ભેળવીને તમારા લિપ પર લગાવશો તો તેનાથી લિપ મોઈશ્ચરાઈઝ રહેશે અને ફાટશે નહીં. આ રીતે બનાવો કપૂર નાળિયેરનું તેલઃ કપૂરની બે ગોટીને મસળીને તેનો પાઉડર બનાવી લો. હવે અડધો કપ એક્સ્ટ્રા વર્જિન કોકોનટ ઓઈલ ગરમ કરો. નાળિયેરના તેલમાં કપૂરનો પાઉડર મિક્સ કરો અને તેને ઓગળવા દો. વાળમાં આ તેલ આશરે ૩૦ મિનિટ સુધી રહેવા દો. શક્ય હોય તો તેને આખી રાત રહેવા દો. હળવા હાથે મસાજ કરો.

તેનાથી માથામાં બ્લડ સર્ક્યુલેશન વધે છે. વાળ મજબૂત થાય છે અને વાળ ખરવાનું ઓછુ થઈ જશે. જો તમને ત્વચા પર કોઈ એલર્જી છે અથવા ફંગલ ઈન્ફેક્શન છે, તો પછી નાળિયેર તેલમાં કપૂર મિક્સ કરો અને તેને તે જગ્યાએ લગાવો. એકવાર ઉપયોગ થઈ ગયા પછી, તમે તેની અસર જાતે જ જોઈ શકો છો. ત્વચા પર થતા પિમ્પલ્સ તમારા ચહેરાને ખૂબ બગાડે છે. નાળિયેર તેલ અને કપૂર તેને રોકવામાં ખૂબ અસરકારક સાબિત થાય છે. નાળિયેર તેલમાં એન્ટી ફંગલ ગુણ હોય છે. જો નવશેકું તેલ કપૂર સાથે મિક્સ કરીને નખ પર લગાવવામાં આવે અને થોડા સમય માટે માલિશ કરવામાં આવે, તો ફૂગ ધીમે ધીમે ઓછી થવા લાગે છે. કપૂર અને નાળિયેરમાંથી બનાવેલું તેલ ખોડાની સમસ્યાને પહોંચી વળવા માટે મોટી રાહત આપે છે. તમારા આહારમાં તંદુરસ્ત ચીજો ઉમેરવા ઉપરાંત, કપૂરના તેલથી નિયમિત માથાની મસાજ કરો. જો અડધો ચહેરો ફ્રિકલયુક્ત બની ગયો છે, તો રાત્રે સુતા પહેલા ચહેરા પર નાળિયેર તેલમાં કપૂર મિક્સ કરી મસાજ કરો. તેનાથી ત્વચા ધીરે ધીરે સાફ થવા લાગે છે. કરચલીઓ દૂર કરવા માટે તમે વર્જિન નાળિયેર તેલ પસંદ કરી શકો છો.

BOLLYWOOD NEWS FLASH

# ઘણી યુવતીઓ અભિનેત્રી આલિયા ભટ્ટને કરે છે ફોલો



। મુંબઈ, તા.૨૪ ।

અભિનેત્રી આલિયા ભટ્ટે બોલિવૂડમાં પોતાની જાતને એક લેવલ સેટ કર્યો છે. દરેક ફિલ્મમાં અભિનેત્રીએ અલગ-અલગ રોલ ભજવીને ફેન્સના દિલ પર રાજ કરી રહી છે. આલિયા ભટ્ટ આજે બોલિવૂડની જાણીતી અભિનેત્રીઓમાં ટોચ પર છે. આલિયાએ ૧૯ વર્ષની ઉંમરે એક્ટિંગ શરૂ કરી હતી. આલિયાનો ફેન બેઝ પણ ઘણો મોટો છે. મહત્વનું છે કે યુવતીઓમાં આલિયાની લોકપ્રિયતા ભારે છે. ઘણી યુવતીઓ આલિયાને ફોલો કરે છે. એટલું જ નહીં આલિયા ભટ્ટ પણ ઘણી યુવતીઓ માટે પ્રેરણાસ્ત્રોત છે. આલિયાએ યુવતીઓને એક મૂલ્યવાન સલાહ આપી હતી. હાલમાં આલિયા ભટ્ટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં આલિયા કહે છે, 'હું ક્યારેય લોકો માટે તૈયાર હોતી નથી. અન્ય કોઈ શું કહે છે તેમાં પણ મને રસ નથી અને હું આ વાત કહેતા રહેવા માંગુ છું. કારણ કે હવે ઘણી યુવતીઓ ઈમ્પ્રેસ થઈ રહી છે. યુવતીઓને મોજ મજા કરવી ગમે છે. તેથી યુવતીઓ તેમના માતાપિતા પર દબાણ લાવે છે. મારે આ લેવું છે ને પેલું લેવું છે. તેથી હું યુવતીઓને જે કહું તેને અવગણશો નહીં.. એમ આલિયાએ કહ્યું. આપણે જોઈએ તો સેલિબ્રિટીઓ તેમના કપડાં ક્યારેય ફરીથી પહેરીને પુનરાવર્તન કરતા નથી, તે બઝ બધે જ છે. પરંતુ આલિયા તેના એકવાર પહેરેલા કપડા ફરીથી પહેરે છે. આ વાતનો ખુલાસો ખુદ અભિનેત્રીએ કર્યો હતો. હાલમાં અભિનેત્રી ટોક ઓફ ધ ટાઉન છે.

# કેટરીનાએ ઘણુ છૂપાવ્યુ પરંતુ આખરે તેનુ બેબી બંપ દેખાઈ જ ગયુ



। મુંબઈ, તા.૨૪ ।

બૉલિવુડની ટોચની અભિનેત્રીઓ કેટરીના કૈફ હાલમાં તેની આગામી ફિલ્મ 'ટાઈગર ૩'ને લઈને ચર્ચામાં છે. લોકો તેના એક્શન સીન્સને ખૂબ પસંદ કરી રહ્યા છે. જો કે, આ દરમિયાન ફરી એકવાર કેટરિના કૈફની પ્રેગ્નન્સીના સમાચાર સામે આવવા લાગ્યા છે. કેટરીના કૈફ હાલમાં જ દુર્ગા પૂજામાં ભાગ લેતી જોવા મળી હતી. અભિનેત્રીએ લાલ રંગની સુંદર સાડી પહેરી હતી. જો કે, આ દરમિયાન તેની સ્ટાઈલ તરફ લોકોનું ધ્યાન સૌથી વધુ આકર્ષિત થયુ. અભિનેત્રી વારંવાર પોતાનું પેટ છુપાવતી જોવા મળી હતી. આ વીડિયો હવે ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. બૉલિવુડની ટોચની અભિનેત્રીઓ કેટરીના કૈફ હાલમાં તેની આગામી ફિલ્મ ટાઈગર ૩ને લઈને ચર્ચામાં છે જે વીડિયો સામે આવ્યો છે તેમાં તે લાલ રંગની પ્રિન્ટેડ સાડી પહેરેલી જોવા મળી રહી છે. તેણે કાળજીપૂર્વક તેના પેટ પર હાથ મૂક્યો છે. એટલું જ નહીં, તે કેમેરાની સામે પોતાના બંને હાથ વડે પેટ ઢાંકતી જોવા મળે છે. આ વીડિયો જોઈને ફેન્સ ચોક્કસપણે કહી રહ્યા છે કે કેટરીના ચોક્કસપણે પ્રેગ્નન્ટ છે. આ ઉપરાંત, અભિનેત્રીની હરકતોના કારણે પણ આ અફવાએ જોર પકડ્યુ છે, આ પછી લોકોને ફરી એકવાર કેટરીનાની પ્રેગ્નન્સી વિશે વાત કરવાનો મોકો મળ્યો છે. કેટરીના કૈફના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, અભિનેત્રી આ આગામી દિવાળીના અવસર પર સલમાન ખાન સાથે ફિલ્મ ટાઈગર ૩ માં જોવા મળશે. ફિલ્મનું ટ્રેલર આવી ગયું છે જેને જબરદસ્ત રિસ્પોન્સ મળ્યો છે. આ ફિલ્મમાં કેટરીના કૈફ પણ સલમાન સાથે ખૂબ જ રોમાંચક એક્શન સીન્સમાં જોવા મળી રહી છે. ટ્રેલરમાં તેમની ટુવાલ લડાઈએ બધાનું ધ્યાન ખેંચ્યું છે.



# કિચ્ચા સુદીપની બિગ બોસના ઘરેથી ધરપકડ કરવામાં આવી



। મુંબઈ, તા.૨૪ ।

નાના પડદા પર હાલમાં ટીવીના સૌથી મોસ્ટ કોન્ટ્રોવર્શિયલ શો બિગ બોસ ૧૭ની ધૂમ જોવા મળી રહી છે. જ્યાં એક તરફ હિંદી સિનેમાના દર્શકો વચ્ચે સલમાન ખાન દ્વારા હોસ્ટ કરવામાં આવતો શો ચર્ચામાં છે, ત્યાં જ બીજી તરફ દક્ષિણ ભારતીય લોકો 'બિગ બોસ ૧૦ કન્નડ'ની મજા માણી રહ્યા છે. બિગ બોસ ભલે હિંદીનો શો હોય કે કન્નડ, તેની આસપાસમાં વિવાદ થવો સામાન્ય વાત બની ગઈ છે. આજે અમે બિગ બોસ ૧૭ નહીં પણ 'બિગ બોસ ૧૦ કન્નડ'ની વાત કરવા જઈ રહ્યા છે. ખરેખરમાં એવી ખબર સામે આવી રહી છે કે, કિચ્ચા સુદીપ દ્વારા હોસ્ટ કરવામાં આવતા આ શોમાં એક કન્ટેસ્ટન્ટની ધરપકડ કરવામાં આવી છે. કિચ્ચા સુદીપ દ્વારા હોસ્ટ કરવામાં આવતા બિગ બોસ કન્નડની ૧૦મી સિઝન ચર્ચામાં છે. તેનું ચર્ચામાં આવવાનું કારણ સ્પર્ધક વર્થુર સંતોષની ધરપકડ છે. ખરેખરમાં કથિત રીતે વર્થુર પર વન વિભાગે વાઘના પંજાનું લોકેટ પહેરવાનો આરોપ છે અને આ અંતર્ગત જ તેની ધરપકડ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, શો માં વર્થુરને લોકેટ પહેરીને જોયા બાદ તેના વિરૂદ્ધ એક ફરિયાદ દાખલ કરાઈ હતી અને તેના હેઠળ જ આ કાર્યવાહી કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટસ અનુસાર, ગતકાલે ૨૨ ઓક્ટોબરે વન વિભાગે અધિકારી બિગ બોસના સેટ પર પહોંચ્યા હતા અને શોના મેકર્સે ચેન અને લોકેટને ઘરની બહાર લાવવા માટે કહ્યું હતું. તેમણે તેની તપાસ કરી અને તેવા નિષ્કર્ષ પર પહોંચ્યા કે આ અસલી વાઘનો નખ છે. તેના પછી વન વિભાગના અધિકારીઓએ વર્થુરની શોની વચ્ચેથી જ ધરપકડ કરી લીધી. કથિત રીતે વન વિભાગ પેંડેંટની તપાસ કરી રહ્યું છે. પેંડેટને વિસ્તૃત વિશ્લેષણ માટે વિધિ વિજ્ઞાન પ્રયોગશાળામાં મોકલવમાં આવ્યું છે. ધરપકડ કરવા આવેલા અધિકારીએ જણાવ્યું કે,'વર્થુરે વન્યજીવ સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨નું ઉલ્લંઘન કર્યું છે અને તેમાં ત્રણથી સાત વર્ષની સજાનું પ્રાવધાન છે.' રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, તે કાતલીપુરાના વન રેંજ કાર્યલયની હિરાસતમાં છે. તમને જણાવી દઈએ કે, વર્થુર સંતોષ કર્ણાટકમાં એક જાણીતી હસ્તી છે. કથિત રીતે વર્થુરને અખિલ ભારતીય ગાય સંરક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે કામ કરવાને લઈ લોકપ્રિયતા મળી હતી.

# રશ્મિકા મંદાના ઊંડા પાણીમાં મળી જોવા



। મુંબઈ, તા.૨૪ ।

પુષ્પાની શ્રીવલ્લી તરીકે જાણીતી એક્ટ્રેસ રશ્મિકા મંદાના હાલમાં તેની અપકમિંગ ફિલ્મ 'એનિમલ'ને લઈને ચર્ચામાં છે. રશ્મિકાની દરેક તસવીર અને વીડિયો સામે આવતા જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ જાય છે, પરંતુ લોકો રશ્મિકાની સુંદરતાના વખાણ કરે છે. રવિવારે તેણે એવો વીડિયો શેર કર્યો કે તેને જોઈને લોકો કોમેન્ટમાં કહી રહ્યા છે કે તેઓ ગૂંગળામણ અનુભવી રહ્યા છે. રશ્મિકાએ અપકમિંગ ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ'ની પહેલી ઝલક રિલીઝ કરી છે. જેમાં તેને પાણીની અંદર બતાવવામાં આવી છે. આ ફિલ્મનું નિર્દેશન રાહુલ રવિન્દ્રને કર્યું છે. આ એક થ્રિલર-હોરર-ક્રાઈમ ફિલ્મ છે. ટાઈટલની ઝલક પરથી એવું લાગે છે કે આ ફિલ્મ એક મનોવૈજ્ઞાનિક-થ્રિલર-હોરર-ક્રાઈમ ફિલ્મ હશે જે કદાચ એક એવા માણસની આસપાસ ફરતી હશે જે ફક્ત ગર્લફ્રેન્ડ ઈચ્છે છે.

## શ્રી વિશ્વકર્મા મંદિર ખાતે નવરાત્રીની ઉમંગભેર ઉજવણી

# નવમી રાત્રીએ આનંદનો ગરબો દિપક સહિતના ગરબા સાથે મહિલાઓ ગરબે ઘૂમી




। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૪ ।

શ્રી વિશ્વકર્મા મંદિર ખાતે દરેક તહેવારો પરંપરાગત રીતે ઉજવાતા હોય છે ચાલુ વર્ષે નવરાત્રીની પણ ખૂબ જ ઉત્સાહ અને ઉમગની અપાર શ્રધ્ધા સાથે રોજરોજ નિતનવી થીમ પર ગરબા રમતાં ખૈલેયા આજરોજ નવમી નવરાત્રીએ આનંદનો ગરબો રમ્યા હતા જેમાં માટીના ગરબાની સાથે જ્યોત લઈને ગરબે ઘુમતી મહિલાઓએ ભક્તિમય માહોલ ઉભો કર્યો હતો, જોનારા અને રમનાર સૌ કોઈ આનંદના ગરબામાં લિન થઈ ગયા હતા આધુનિક યુગ માં ટીમલી કે ફિલ્મી ગીતો પર રમાતા ગરબા અને પ્રાચીન ગરબા માં માતાજીનો મહિમાં ગાન સાથેના પ્રાચીન ઢબના ગરબાઓએ ચાલુ વર્ષે નગરમાં ઠેર ઠેર યોજાયેલ શેરી ગરબામાં વિશ્વકર્મા મંદિરના ગરબાએ રંગ રાખ્યો હતો.

# નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્ષ પ્રોજેક્ટની સમીક્ષા કરતાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. મનસુખ માંડવિયા

### મ્યુઝિમયમાં વિશ્વનું સૌથી ઊંચું 'લાઇટ હાઉસ' મ્યુઝિયમ, 'નેવલ મ્યુઝિયમ' સહિતના આકર્ષણ તૈયાર કરાશે

। ગાંધીનગર, તા.૨૪ ।

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રીશ્રી ડો. મનસુખ માંડવિયા લોથલ ખાતે બનનારા નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્ષ પ્રોજેક્ટની સમીક્ષા કરી હતી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી ડો. મનસુખ માંડવિયા અને કેન્દ્રીય શિપિંગ રાજ્ય મંત્રીશ્રી શ્રીપાદ નાઈક એ હેરીટેજ સાઈટ લોથલ ખાતે નિર્માણ પામનાર 'નેશનલ મેરીટાઈમ હેરીટેજ કોમ્પ્લેક્સ'નું સ્થળ નિરીક્ષણ કરી ત્યારબાદ અધિકારીઓ સાથે નેશનલ મેરીટાઈમ હેરીટેજ કોમ્પ્લેક્સ ખાતે થયેલ કાર્યની સમીક્ષા બેઠક કરી હતી. જેમાં અધિકારીશ્રીઓને કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રીએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી ડો. મનસુખ માંડવિયા એ જણાવ્યું હતું કે, ભારતનું પુરાતન બંદર એવા લોથલ ખાતે ભારતના સમૃદ્ધ દરિયાઈ વારસાને પુનર્જીવિત કરવા માટે રૂ. ૪,૫૦૦ કરોડના ખર્ચે નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્ષનું નિર્માણ કરીને ભારતની પુરાતન દરિયાઈ સંસ્કૃતિને પુનર્જીવન આપવાનું કાર્ય કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્ષનો ફેઝ ૧-એ જાન્યુઆરી ૨૦૨૪ ના અંત ભાગ સુધીમાં તૈયારી થઈ જશે અને તેનું લોકાર્પણ કરવામાં આવશે. વધુમાં કેન્દ્રીય મંત્રીશ્રી એ જણાવ્યું હતું કે ભારત સમુદ્રી વિરાસતની ઐતિહાસિક અને મહાન ધરોહર ધરાવે છે. ગુજરાતમાં લોથલ અને ધોળાવીરા તો દક્ષિણમાં ચૌલ, ચેર અને



પાંડય રાજવંશે સમુદ્ર શક્તિને વિસ્તારીત કરીને નવી ઊંચાઈ આપી હતી. નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સમાં વિશ્વનું સૌથી ઊંચું લાઈટહાઉસ મ્યુઝિયમ પણ તૈયાર થશે. આ આઈકોનિક લાઈટહાઉસ મ્યુઝિયમ હશે. આ લાઈટહાઉસ મ્યુઝિયમ ૭૭ મીટરનું હશે તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતની પાંચ વર્ષ જૂની હડપ્પાની વિરાસત એ ગુજરાતનું ગૌરવ છે. તેને ઉજાગર કરવાની, પુનર્જીવિત કરવાનો આ અવસર છે. પાંચ હજાર વર્ષ પહેલાં ભારત કેવું સભ્યતા ધરાવતું રાષ્ટ્ર હતું. કેવી રીતે વૈશ્વિક વ્યાપાર કરતાં હતાં, તેવુ જીવંત નિદર્શન આ હેરિટેજ કોમ્પ્લેક્સમાં કરવામાં આવશે. તે વખતે જે વ્યવસ્થાઓ, વિનિમય હતો, તેનું તાદશ્ય દર્શન થાય તે પ્રકારનું આ કોમ્પલેક્સ બનાવવામાં આવશે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

વધુમાં જણાવ્યું હતું કે, આ કોમ્પ્લેક્ષમાં ઈતિહાસ, શિક્ષણ, સંશોધન અને મનોરંજનનો સુભગ સમન્વય સર્જાશે. લોથલમાં પાંચેક હજાર વર્ષ પહેલાં માત્ર એક બંદર જ નહોતું, અહીં દરિયાઈ જહાજો બનતાં હતાં, એ જ્વલંત ઈતિહાસ પણ અહીં ફરી જીવંત થશે, એવું તેમણે ઉમેર્યુ હતું.

# અડાજણ પાલ ખાતે રાજયકક્ષાની ગુજરાત નર્સિંગ ક્રિકેટ પ્રીમિયર લીગ-૨ ટુર્નામેન્ટમાં સ્મીમેર હોસ્પિટલની ટીમ બની વિજેતા

। સુરત, તા.૨૪ ।

ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રે તબીબો સાથે દિવસ રાત ફરજ બજાવનાર નર્સિંગ સ્ટાફ અને નર્સિંગ વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાત નર્સિંગ ક્રિકેટ પ્રીમિયર લીગ-૨ ટુર્નામેન્ટનું સુરતમાં આયોજન કરવામાં આવ્યું છે, અડાજણ પાલ સ્થિત મણીબા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે 'ગુજરાત નર્સિંગ ક્રિકેટ પ્રીમિયર લીગ-૨'ની ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં નવસારી મહાકાલ સામે સ્મીમેર હોસ્પિટલની ટીમ બની વિજેતા બની હતી. આ અવસરે પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણે ઉપસ્થિત રહીને ખેલાડીઓ ઉત્સાહ વધાર્યો હતો.

રાજ્યની નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ અને હોસ્પિટલના સ્ટાફ નર્સ, ફેકલ્ટી સભ્યો સહિત ૪૦૦થી વધુ રમતવીરોએ ભાગ લીધો હતો. સાત દિવસ ચાલેલી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૩૨ ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મેચમાં યુસુફ પઠાણે ખેલાડીઓને હિટ અને ફિટ રહેવાની ગુરૂ ચાવી આપતા જણાવ્યું કે, નર્સિંગ સ્ટાફ અને વિદ્યાર્થીઓ સિક્કાની બીજી



બાજુ સમાન હોય છે. હરહંમેશ દર્દીઓ સાથે તેમનું સમર્પણ અને કરુણા અનુકરણીય હોય છે. રમત જીવન સાથે જોડતો સંર્વાગી વિકાસનો એક રસ્તો જ છે. દેશમાં દરેક મુશ્કેલીના સમયમાં તબીબો સાથે નર્સિંગ સ્ટાફનું ઉમદા યોગદાન રહેલુ હોય છે. ક્રિકેટ રમત આપણને સ્પોર્ટ્સ મેન સ્પિરીટ સાથે એકાગ્રતાના પાઠ પણ શીખવે છે. વધુમાં પઠાણે કહ્યું હતું કે, જીવનમાં ક્રિયાત્મક અને પ્રફુલ્લિત રહેવા રમતનું હોવું અતિ આવશ્યક હોય છે.

આ અવસરે અમેરિકા સ્થિત મુખ્ય આયોજક અને નર્સિંગ ઓફિસર દિનેશ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ જે.કે.નર્સિંગ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર આદિલ કડીવાલા અને નવી સિવિલના વિરેન પટેલ દ્વારા ખૂબ સીમિત સમયમાં ટુર્નામેન્ટ-નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજપીપળાના હરસિદ્ધિ મંદિરે નોમના નવ ચંડી યજ્ઞમાં પરંપરાગતરીતે રાજવી પરિવારની ઉપસ્થિતિ

### મહારાજા રઘુવીરસિંહજી ગોહિલ અને યુવરાજ માનવેન્દ્રસિંહ દ્વારા શ્રીફળ હોમી આરતીમાં ભાગ લીધો



। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૪ ।

રાજપીપલા હરસિદ્ધિ માતાના મંદિરે નવરાત્રિ પર્વે નોમના દિવસે નવચંડી યજ્ઞ યોજાયો હતો. જેમાં નવ ચંડી યજ્ઞમાં પરંપરાગતરીતે રાજવી પરિવારના મહારાજા રઘુવીરસિંહજી ગોહિલ અને યુવરાજ માનવેન્દ્રસિંહે ઉપસ્થિત રહી એમના દ્વારા શ્રીફળ હોમી આરતીમાં ભાગ લીધો હતો.

હિન્દુ દેવસ્થાન સમિતિ રાજપીપલાના ટ્રસ્ટી ભાષ્કરભાઈ સોનીના જણાવ્યા અનુસાર નવરાત્રિ પર્વે અન્ય મંદિરોમાં આઠમ ના દિવસે આઠમનો યજ્ઞ થાય છે પરંતુ રાજપીપલા હરસિધ્ધિ મંદિરે નોમના દિવસે નવચંડીયજ્ઞ કરવામાં આવે છે. કારણ કે હરસિધ્ધિ માતા આઠમના દિવસે બાલિકા સ્વરૂપે રાજપીપલા પધાર્યા હતાંતેથી તેને બીજે દિવસે વેરીસાલજી મહારાજાએ માતાજીની નોમના દિવસે સ્થપના કરી હતી તેથી દર વર્ષે નવરાત્રિના નોમના દીવસે રાજવી પરિવારની ઉપસ્થિતિ માં યજ્ઞ કરવામાં આવે છે. આજે મહારાજા રઘુવીરસિંહજી ગોહિલ અને યુવરાજ માનવેન્દ્રસિંહ દ્વારા શ્રીફળ હોમી આરતીમાં ભાગ લીધોહતો. યુવરાજ માનવેન્દ્રસિંહે જણાવ્યું હતું કે હરસિધ્ધિ માતાજી અમારા ગોહિલ વંશની કુળદેવી ગણાય છે અમારો રાજવી પરિવારનો વંશ પરંપ રાગત રીતે આ પ્રથા ૧૩મી શતાબ્દીથી ચાલી આવે છે.આ મંદીરને ૪૨૨વર્ષ પુરા થયાં છે અમે આજે ૪૨૩માં વર્ષ માં મન્દિરે પ્રવેશ કર્યો છે અમારા પૂર્વજ વેરીસાલજી મહારાજ માતાજીને અહીં રાજપીપલા લઈ આવ્યા હતાં,ત્યારથી આ પરંપરા ચાલે છે. નોમના દિવસે નવચંડી યજ્ઞમાં શ્રીફળની આહુતિ આપવા હજારોની સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતાં. શ્રીફળની હોમવાની પ્રક્રિયા સવારસુધી ચાલતા શ્રીફળનો ઢગલો ખડકાયો હતો.

# ઝાલોદ નગરમાં અસત્ય પર સત્યની જીતના ઉત્સવ દશેરાના દિવસે રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો

। ઝાલોદ, તા.૨૪ ।

અસત્ય પર સત્યની જીત તેમજ હર્ષ, ઉલ્લાસ અને વિજયનો તહેવાર છે. ભારતીય સંસ્કૃતિમાં વીરતા, શૂરવીરતા જાગે તે હેતુથી શસ્ત્ર પૂજનની પણ મહિમા છે. આજના યુગમાં દશેરાના ઉત્સવ નિમિત્તે મનાવીએ પોતાના અંદરના પાપ પર વિજય થવાના સંકલ્પ લેવા માટેનો છે. આજના યુગમાં માનવી લોભ. મોહ, કામ,ક્રોધ, ઈર્ષા, અહંકાર ત્યાગે તો સાચા અર્થમાં દશેરાના તહેવારની ઉજવણી કરી કહેવાય.

આજના દિવસે લોકો નવીન વાહનની ખરીદી કરે છે તેમજ નવો વ્યાપારની શરૂઆત માટે ઉત્તમ દિવસ ગણાય છે. જૂના જમાનામાં રાજા રજવાડાં દ્વારા દશેરાના દિવસે ધર્મ યુદ્ધની શરૂઆત કરી હોય તેવા ઘણા દ્રષ્ટાંત શાસ્ત્રોમાં જોવા મળે છે. તેથી ધર્મ યુદ્ધમાં જતા



પહેલા શસ્ત્ર પૂજન પણ કરવામાં આવતું હતું. તેથી આજના દિવસે શસ્ત્ર પૂજનનો અનેરો મહિમા છે. હિન્દુ સમાજના લોકોના લોહીમાં વીરતા ઉત્પન્ન થાય તે માટે શસ્ત્ર પૂજન કરવામાં આવે છે. આજના દિવસે ભગવાન રામે અસત્યને સાથ આપનાર રાવણનો વધ કરેલ હતું તેથી આજના દિવસને વિજય સ્વરૂપે ઉજવવામાં આવે છે તેમજ આજના દિવસે જ માતા દુર્ગાએ નવ દિવસ સુધી યુદ્ધ કરી દશેરાના દિવસે જ મહિષાસુરનો વધ કર્યો હતો. તેથી હિન્દુ શાસ્ત્રમાં નવ દિવસ દુર્ગા સ્વરૂપ માઁ જગદંબાની આરાધના કરવામાં આવે છે. ઝાલોદ નગરમાં વિજયા દશમીના ઉત્સવ નિમિત્તે નગરજનો દ્વારા જલેબી ફાફડાની ખરીદી કરી તેની મજા માણી હતી તેમજ નવીન વાહન અને દુકાનોના મુહૂર્ત પણ કરવામાં આવેલ હતા. નગરપાલિકા દ્વારા ઝાલોદ નગરની કુળદેવી એવા ઝલાઈ માતાના મંદિર પાસે રાવણ દહનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. નગરના લોકો રાવણ દહનનો કાર્યક્રમ જોવા મોટા પ્રમાણમાં જતા હોય છે અને ઉત્સવનો આનંદ લેતા હોય છે. નગરની કુળદેવી ઝલાઈ માતાના મંદિરે પણ દર્શન કરવા નગરના લોકો મોટા પ્રમાણમાં જતા હોય છે તેથી ઝલાઈ માતા મંદિરે મેળાનો માહોલ સર્જાયેલ જોવા મળે હતો.

# વલસાડ જિલ્લામાં રવિવારે ધાર્મિક સ્થળો, મ્યુઝીયમ અને પ્રવાસન સ્થળોની સફાઈ કરાઈ

। વલસાડ, તા.૨૪ ।

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સફાઈ ઝુંબેશ જોરશોરથી ચાલી રહી છે ત્યારે રવિવારે રજાના દિવસે પણ વલસાડ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ધાર્મિક સ્થળો, મ્યુઝીયમ અને પ્રવાસન સ્થળો ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સ્વચ્છ ભારત મિશન દ્વારા સાફ સફાઈ હાથ ધરાઈ હતી. જેમાં ધરમપુરના પંગારબારીમાં વિલ્સન હિલ, બરૂમાળમાં મહાદેવ મંદિર અને પાલિકા દ્વારા મ્યુઝીયમની સફાઈ કરવામાં આવી હતી. કપરાડા તાલુકામાં બારપુડા ગામમાં પાંડવ ગુફા મંદિર, અરણાઈમાં શ્રી રામ મંદિર ગરમ પાણીના કુંડ પાસે અને કોલવેરામાં હિલ સ્ટેશનની સફાઈ કરવામાં આવી હતી. ઉમરગામ તાલુકામાં નારગોલ બીચ, કલગામમાં હનુમાનજી મંદિર, મરોલીમાં કાલભૈરવ મંદિર અને કાલઈમાં તળાવ પાસે સફાઈ કરવામાં આવી હતી. પારડી તાલુકામાં ઉદવાડા ખાતે બીચ અને ઈરાનશાહ મ્યુઝીયમની સફાઈ, પંચલાઈમાં સાઈબાબા મંદિર અને પલસાણામાં મહાદેવ મંદિરની સફાઈ કરવામાં આવી હતી. વલસાડ તાલુકામાં તીથલ સાંઈબાબા અને સ્વામીનારાયણ મંદિર, ફલધરામાં જલારામ બાપા મંદિર, ધમડાચીમાં વૈષ્ણોદેવી મંદિર પાસે, ભદેલી જગાલાલા વૈકરીયા હનુમાન મંદિરની સફાઈ જ્યારે વાપી તાલુકાના લવાછા ગામમાં મહાદેવ મંદિર અને કુંતા ગામના કુંતેશ્વર મહાદેવ મંદિર ની સાફ સફાઈ કરવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે અને તમારી યોજનાઓમાં તેમના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખી શકો છો. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. જો તમારે તમારા પ્રેમ જીવનસાથી ને જીવનસાથી બનાવવો હોય તો તમે આજે તેમની સાથે વાત કરી શકો છો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. ઘરના પ્રવર્વતમાન પરિસ્થિતિને કારણે તમે હતાશ થઈ શકો છો. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો. કોઈ નવો પ્રૉજેક્ટ હાથમાં લેતા પહેલા બે વાર વિચારજો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? દૂરનાં કોઈ સગાં તરફથી લાબા સમયથી તમને જે સંદેશની અપેક્ષા હતી તે આવશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. તમારી માટે પ્રેમ પવનમાં છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારૂં અવિચારી વર્તન પત્ની સાથેના સંબંધો બગાડી શકે છે. કંઈપણ કરતા પહેલા તમારા વર્તનના પ્રત્યાઘાતો વિશે વિચારજો. શક્ય હોય તો તમારો મૂડ બદલવા ક્યાક બહાર જતા રહો. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ?

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. કોઈક ઐતિહાસિક સ્મારકે જવાની નાનકડી પિકનિકનું આયોજન કરો. આ બાબત બાળકો તથા પરિવારના અન્ય સભ્યોને રોજબરોજના જીવનના એકધારાપણામાંથી અત્યંત આવશ્યક એવી રાહત અપાવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમે જે રીતે અનુભવો છો તેના પર અંકુશ લાવવો રહ્યો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે. કામના સ્થાળે આજે બધું જ તમારી તરફેણમાં હોવાનું જણાય છે.




ઉત્તર કોલકાતાના સંતોષ મિત્ર સ્કવેરમાં અયોધ્યાના રામ મંદિરની થીમ પર રચાયેલ દુર્ગા પૂજા પંડાલમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે આવ્યા હતાં.

## ન્યૂઝ બ્રિફ

### વાલ્દીમીર પુતિનને હાર્ટ એટેક આવ્યો, બેડરૂમમાં ઢળી પડ્યા

। મોસ્કો, તા.૨૪ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના સ્વાસ્થ્ય અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. હાલમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને હાર્ટ એટેક આવ્યો હોવાના અહેવાલ સામે આવ્યા છે. અહેવાલ મુજબ, રવિવારે રાત્રે લગભગ ૯.૦૫ વાગ્યે પુતિન તેમના બેડરૂમના ફ્લોર પડી ગયા હતા. જયારે સુરક્ષાકર્મીઓએ રાષ્ટ્રપતિ ફ્લોર પર અથડાવાનો અવાજ સાંભળ્યો ત્યારે તેઓ રૂમમાં તરત જ દોડી આવ્યા હતા. તાજેતરના વર્ષોમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની તબિયત નાજુક જોવા મળી રહી છે. અગાઉ પણ કેટલાક વીડિયોમાં તેમના હાથ ધ્રુજતા જોવા મળ્યા અને ક્યારે ભાષણ આપતા સમયે નબળા જોવા મળ્યા હતા. ગયા વર્ષે યુક્રેન પર હુમલો શરૂ થયો ત્યારથી મીડિયામાં એવા ઘણા અહેવાલો આવ્યા છે કે ૭૧ વર્ષીય રશિયના રાષ્ટ્રપતિની તબિયત સતત લથડી રહી છે.

### આઈએએસ વી.કે પાંડિયન રાજકારણમાં જોડાય એવા સંકેત



। ભૂવનેશ્વર, તા.૨૪ ।

ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકના સચિવ વી.કે. પાંડિયનને સરકારી સેવામાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ (વીઆરએસ) લીધી છે. રાજ્યમાં સત્તારૂઢ બીજુ જનતા દળ (બીજેડી)ના સૂત્રોએ જણાવ્યું અનુસાર, તેઓ પાર્ટીમાં જોડાઈ શકે છે અને વિધાનસભા ચૂંટણી પહેલા તેમને મહત્વપૂર્ણ ભૂમિકા આપવામાં આવી શકે છે. રાજ્યમાં આવતા વર્ષની શરૂઆતમાં વિધાનસભાની ચૂંટણીઓ પ્રસ્તાવિત છે. આ ચૂંટણીમાં તેમને મહત્વની ભૂમિકા મળે તેવી અટકળો ચાલી રહી છે. મુખ્યમંત્રીના ખૂબ જ નજીકના સહયોગી ગણાતા પાંડિયન ઘણીવાર વિવાદોમાં પણ રહ્યા છે. વિરોધ પક્ષોએ પાંડિયન પર રાજકીય લાભ મેળવવા માટે તેમના પદનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. પાંડિયન ઓડિશા કેડરના ૨૦૦૦ બેચના આઈએએસ અધિકારી છે. ઓડિશા સરકારના વહીવટી વિભાગને લખેલા પત્રમાં, કેન્દ્રના કર્મચારી અને તાલીમ વિભાગે જણાવ્યું હતું કે, પાંડિયનની સ્વૈચ્છિક નિવૃત્તિ રાજ્ય સરકાર દ્વારા ભલામણ કરાયેલ નોટિસ અવધિમાં છૂટછાટ સાથે સ્વીકારવામાં આવી છે.

### ઈઝરાયેલ- હમાસ યુધ્ધમાં ગાઝાપટ્ટીના લોકો પર સંકટ યથાવત

# ગાઝામાં વીજ પુરવઠો બંધ થવાની શક્યતા, ૧૩૦ નવજાતના જીવનો ખતરો

। ગાઝા, તા.૨૪ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના જંગમાં ગાઝા પટ્ટીમાં રહેતા લાખો લોકો પરનુ સંકટ સતત વધી રહ્યુ છે. એક તરફ ગમે ત્યારે ઈઝરાયેલ આ વિસ્તારમાં જમીની આક્રમણ શરુ કરે તેવો ડર છે તો બીજી તરફ ગાઝા પટ્ટીમાં જીવન જરુરિયાતની વસ્તુઓના ફાંફા પડી રહ્યા છે. ખાસ કરીને હોસ્પિટલોમાં વીજ સપ્લાય બંધ થવાના જોખમના કારણે નવજાત શીશુઓના મોત થઈ શકે છે. ગાઝાની ૧૩ જાહેર હોસ્પિટલો પૈકી સૌથી મોટી શિફા હોસ્પિટલોમાં ૧૩૦ નવજાત બાળકોને ઈક્યુબેટરમાં મુકવામાં આવે છે. આ ઈક્યુબેટર માટે ઈલેક્ટ્રિસિટીની જરુર પડે છે.



અત્યારે હોસ્પિટલ જનરેટર થકી વીજ પ્રવાહ મેળવી રહી છે. જોકે જનરેટરમાં ફ્યુલ ખતમ થઈ રહ્યુ છે અને જો વીજ પ્રવાહ ઠપ થયો તો ઈક્યુબેટરમાં મુકાયેલા નવજાત બાળકો મોતને પણ ભેટી શકે છે. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયનુ કહેવુ છે કે, અમે નથી જાણતા કે જનરેટરો ક્યાં સુધી ચાલશે અને એટલા માટે જ અમે આખી દુનિયાને ફ્યુલ પૂરૂ પડવા માટે અપીલ કરી રહ્યા છે. અમે અમારા જાહેર તેમજ ખાનગી પેટ્રોલ પંપોને પણ અપીલ કરી છે કે, હોસ્પિટલોમાં લોકોનો જીવ બચાવવા માટે જે પણ પેટ્રોલ કે ડીઝલ બચ્યુ છે તે દાનમાં આપી દે. શિફા હોસ્પિટલના ડોકટરોનુ કહેવુ છે કે, અમને જો જરુરી મેડિકલ સપ્લાય ના મળ્યો તો અહીંયા ભારે તબાહીના દ્રશ્યો જોવા મળી શકે છે. ઈઝરાયેલે હાલમાં ગાઝા પટ્ટી વિસ્તારની ચારે તરફથી નાકાબંધી કરી છે. જેના કારણે ગાઝા વિસ્તારમાં જીવન જરુરિયાતની વસ્તુઓની અછત વરતાઈ રહી છે.આ વિસ્તારમાં ૨૩ લાખ લોકો રહે છે અને તેમના માટે પાણી, ભોજન, દવાઓ અને ફ્યૂલ ખતમ થઈ રહ્યુ છે.

### હમાસ-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે મહત્વપૂર્ણ ઘટના

# ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં નેતન્યાહૂને મળવા ઈઝરાયેલ પહોંચ્યા

। જેરૂસલેમ, તા.૨૪।

હમાસ ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં ઈઝરાયેલી પીએમ બેન્જામિન નેતન્યાહૂ સાથે મુલાકાત કરવા માટે ઈઝરાયેલ પહોંચ્યા છે. અહેવાલો પ્રમાણે મેક્રોંની ઈઝરાયેલ મુલાકાતનો હેતુ ઈઝરાયેલ સાથે ફ્રાન્સની એકજૂથતા દેખાડવાનો છે.

ઈઝરાયેલમાં ઈમેન્યુઅલ મેક્રોં ઘણા નેતાઓ સાથે બેઠક કરશે જેમાં હમાસના બંધકોને મુક્ત કરવાની કવાયતો પર ચર્ચા થવાની અપેક્ષા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મેક્રોં ઈઝરાયેલના રાષ્ટ્રપતિ ઈસાક હરઝોગ અને વિપક્ષી પાર્ટીઓના નેતાઓ બેની ગેન્ત્ઝ અને યાએર લેપિડ સાથે મુલાકાત



કરશે. ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં ઈઝરાયેલની એક દિવસીય મુલાકાત દરમિયાન પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસ સાથે પણ મુલાકાત કરશે. તેલ અવીવ પહોંચ્યા બાદ તરત જ મેક્રોંએ બેન ગુરિયન એરપોર્ટ પર ઈઝરાયેલી-ફ્રાન્સીસી નાગરિકો સાથે મુલાકાત કરી જેમણે પોમના પ્રિયજનોને ગુમાવ્યા છે. આ ઉપરાંત તેઓ હમાસના બંધકોના પરિવારો સાથે પણ મુલાકાત કરી હતી. ઈમેન્યુઅલ મેક્રોંએ એક્સ પર એક પોસ્ટમાં લખ્યું કે, દુઃખના સમયમાં અમે ઈઝરાયલની સાથે ઉભા છીએ. ૭ ઓક્ટોબરે હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ હજુ પણ સાત ફ્રાન્સીસી નાગરિકો ગુમ છે. ઈઝરાયેલની સેનાનો દાવો છે કે, એક ફ્રાન્સીસી મહિલાનું હમાસના લડવૈયાઓએ અપહરણ કરી લીધુ છે. હવે ઈઝરાયેલની સેના ગાઝા વિસ્તારમાં હમાસના ઠેકાણાઓ પર સતત એર સ્ટ્રાઈક કરી રહી છે અને ગ્રાઉન્ડ ઓપરેશન માટે તૈયાર છે. ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી યોઆવ ગેલેન્ટે કહ્યું કે, ઈઝરાયેલ ગાઝા પર જમીન, આકાશ અને સમુદ્રના રસ્તે ઘાતક હુમલાની તૈયારી કરી રહ્યું છે.

# ફિલિપાઈન્સ કોસ્ટ ગાર્ડના જહાજ-સપ્લાય બોટને ચીનના જહાજોએ ટક્કર મારી

### ચીનના કોસ્ટ ગાર્ડના જહાજે આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ કરીને જાણી જોઈને સપ્લાય બોટ અને કોસ્ટગાર્ડના જહાજને ટકકર મારી હોવાનો ફિલિપાઈન્સનો દાવો

। મનિલા, તા.૨૪ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે તો યુધ્ધ ચાલી જ રહ્યુ છે અને દુનિયાના બીજા હિસ્સામાં એટલે કે સાઉથ ચાઈના સીમાં ચીનની બીજા દેશો પર દાદાગીરી યથાવત છે. સાઉથ ચાઈના સીમાં આવેલા સેકન્ડ થોમસ શોલ નામના ટાપુ પાસે ચીનના કોસ્ટ ગાર્ડના જહાજે ફિલિપાઈન્સની એક સપ્લાય બોટને ટક્કર મારી હોવાનો દાવો ફિલિપાઈન્સના સંરક્ષણ સચિવે કર્યો છે. તેમનુ કહેવુ હતુ કે, ચીનના કોસ્ટ ગાર્ડ તેમજ મેરિટાઈમ મિલિશિયા જહાજે આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ કરીને



જાણી જોઈને અમારી સપ્લાય બોટ અને કોસ્ટગાર્ડના જહાજને ટકકર મારી હતી. ફિલિપાઈન્સની સરકારે આ ઘટના બાદ ચીનના રાજદૂત હુંઆંગ જિલિયાનને બોલાવીને ચીનની હરકતની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. ફિલિપાઈન્સ કોસ્ટ ગાર્ડના કોમોડોર જે તારિએલાએ કહ્યુ હતુ કે, ચીનના કોસ્ટગાર્ડના પાંચ જહાજો તેમજ નૌસેનાના બે જહાજોએ ફિલિપાઈન્સ કોસ્ટ ગાર્ડના બે જહાજો અને બે સપ્લાય બોટને રોકી દીધી હતી અને આ દરમિયાન એક શિપ અને એક સપ્લાય બોટને ચીનના જહાજોએ ટક્કર મારી હતી. જોકે ચીને ફિલિપાઈન્સના આક્ષેપોનને ફગાવી દીધા છે અને કહ્યુ છે કે, ફિલિપાઈનાસના જહાજો માછલી પકરડી રહેલા ચીની જહાજો સાથે અથડાયા હતા. ઉલટાનુ અમે ફિલિપાઈન્સના જહાજોની ઘૂસણખોરી સામે આકરો વિરોધ નોંધાવ્યો છે. આ ઝઘડામાં અમેરિકા પણ કુદયુ છે.અમેરિકાએ કહ્યુ છે કે સાઉથ ચાઈના સીમાં ક્યાંય ફિલિપાઈન્સની સેના, જહાજ કે વિમાનો પર સશસ્ત્ર હુમલો થશે તો ૧૯૫૧માં થયેલી સંધિ પ્રમાણે અમેરિકા ફિલિપાઈન્સને મદદ કરશે. ચીનની ગેરકાયદે કાર્યવાહીઓ સામે અમેરિકા ફિલિપાઈન્સ સાથે ઉભુ છે.

### રાજ્યમાં હાર્ટએટેકના બનાવોમાં ચિંતાજનક વધારો

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં હાર્ટ એટેકથી વધુ સાત લોકોનાં મોત

। અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાતમાં હાર્ટ એટેકના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થયો છે. યુવાનોમાં આ પ્રકારના કિસ્સાઓ વધારે પ્રમાણમાં સામે આવી રહ્યાં છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં હાર્ટ એટેકના કારણે રાજ્યમાં ૭થી વધુ લોકોના મોત થયાં છે. રાજકોટમાં જ છેલ્લા ૧૨ કલાકમાં એક શિક્ષક સહિત ત્રણ લોકોના હૃદય થંભી જવાથી મોત થયાં હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ પ્રકારના મોતની ઘટનાઓને લઈને તબીબોમાં પણ ચિંતાઓ વધી છે. રાજકોટ, અમદાવાદ, સુરત અને મહેસાણામાં હાર્ટ એટેકના કારણે થયેલા મોતના કિસ્સા સામે આવ્યાં છે. છેલ્લા ૧૦ દિવસમાં ૨૦થી વધુ લોકોના હાર્ટ એટેકથી મોત થયાં હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટમાં છેલ્લા ૧૨ કલાકમાં ૨૪ વર્ષના રણજીત યાદવ, ૪૦ વર્ષીય આશિષ અકબરી અને ૪૩ વર્ષના દિપક વેકરિયાનું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે સુરતમાં મુકેશ ગામીત નામનો યુવક ગઈકાલે રાત્ર ગરબા રમી રહ્યો હતો આ દરમિયાન તેને અચાનક છાતીમાં દુખાવો થતાં તે ઢળી પડ્યો હતો. જેતપુરમાં ખજુરી ગુંદાળામાં રહેતા ૨૨ વર્ષીય કિશન મકવાણા નામના યુવકને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. તેને સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું. અમદાવાદ શહેર કોંગ્રેસના સોશિયલ મીડિયા વિભાગના મંત્રી ૩૬ વર્ષીય વિશાલ સોલંકીનું હાર્ટ એટેકથી અવસાન થયું છે. મહેસાણાના વિજાપુરના ખરોડ ગામે હાર્ટ એટેકથી ૬૫ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું છે. આ વર્ષે નવરાત્રી દરમિયાન ગત વર્ષ કરતા વધુ ઈમરજન્સી કેસ નોંધાયા હતા. ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા જે દર વર્ષે એનાલિસિસ કરવામાં આવે છે. તે પ્રમાણે આ વર્ષે ગત વર્ષની સરખામણીએ ગુજરાતમાં ૧૦ ટકા થી વધારે કેસ નોંધવામાં આવ્યા છે.જ્યારે અમદાવાદમાં ૧૮% થી વધુ કેસ નોંધાયા છે. ઈમરજન્સી કેસમાં શ્વાસ રોગ, હૃદય રોગ અને અકસ્માતના કેસ સૌથી વધુ નોંધાયા હતા છે.

# ચુટણી લડવા માટે માર્ગ મોક્ળો મધ્ય પ્રદેશ સરકારે SDM નિશા બાંગરેનું રાજીનામું સ્વીકાર કર્યુ

**શુ કોગ્રેસ આમલા બેઠકથી જાહેર કરેલો ઉંમેદવારને કાપીને નિશા બાંગરે સીટ ફાળવશે ?**

નિશા બાંગરેએ ચૂંટણી લડવા માટે ડિપ્ટિ કલેક્ટર પદથી રાજીનામું આપ્યું હતું. પરંતુ મધ્ય પ્રદેશ સરકારે તેને સ્વીકાર્યું નહીં. નિશાની વિભાગીય તપાસ પાછળનું કારણ કહેવામાં આવી રહ્યું હતું. આ આખા મામલાને ત્રણ મહિનાથી વધુ સમય થયો હતો. અંતે, હાઈકોર્ટે સરકારને નિર્ણય લેવાનો આદેશ આપ્યો હતો.

મધ્ય પ્રદેશના છતરપુર જિલ્લામાં નાયબ કલેક્ટર તરીકે ફરજ બજાવતા નિશા બાંગરેનું છેવટે રાજીનામું સ્વીકાર શિવરાજ સિંહ સરકારને કરવું પડ્યું હતું. ઉચ્ચ ન્યાયાલય (વડી અદાલત) સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટની શખત તાકિદ કર્યા બાદ સોમવારે સાંજે રાજીનામું નિશા બાંગરેનું સ્વીકાર કરવાનો આદેશ કર્યા હતો. આ વાતની જાણકારી સાંસદ વિવેક તન્ખાએ X પર શેર કરી હતી. નિશા બાંગરેની હિમાયત કરી હતી. નિશાના લાંબી રાહ જોયા બાદ કોંગ્રેસે ઉંમેદવાર જાહેર કરી દિધો છે.

તેમણે વધુમાં લખ્યું કે, ''આ કોઈ મહિલા અધિકારી માટે વિજય નથી. આ મહિલા શક્તિનો વિજય છે. શિવરાજ સિંહ અને તેમના મુખ્ય સચિવોએ નિશાના રાજીનામાને સ્વીકારવા માટે કોઈ કસર છોડી ન હતી. આ હુકમ વિજયદશમી પર હસ્તાક્ષર થયા હતા. સત્ય જીત.''

**શું કોગ્રેસ ઉમેદવાર મનોજ માવલેની આમલા બેઠકની ટીકીટ કાપશે**

કોંગ્રેસને વધુ એક મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી સ્થિતી ઉભી થઈ છે. કેમ કે આમલા વિધાનસભા બેઠક પરથી નિશા બાંગરે પણ ચુટણી લાડવા માગે છે. હવે તે જોવું રહ્યું કે કોંગ્રેસ નિશા બાંગરેને મનોજ માવલેની ટિકિટ કાપીને આમલા વિધાનસભાની બેઠક પરથી તેના ઉમેદવાર તરીકે જાહેર કરશે.

બૈતુલના રહેવાસી નાયબ કલેક્ટર નિશા બાંગરે છતરપુરમાં પોતાના પદથી રાજીનામું આપીને આમલા બેઠકથી ઈલેક્શન લડનવાની



તૈયારી કરી લધી છે. રાજ્ય સરકાર નિશા બાંગરેનું રાજીનામાને સ્વીકારતી ન હતી, જેનો આરોપ લગાવ્યો હતો. તે દરમિયાન નિશા બાંગરેએ મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં અને બાદમાં સુપ્રીમ કોર્ટમાં તેમનાં રાજીનામા અંગે ઝડપી નિર્ણયની લેવાની માંગણી કરીને અરજી દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે ગુરુવારે નિશા બાંગરે મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં જવા નિર્દેશ આપ્યો. આ સાથે, સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટને ટૂંક સમયમાં આ કેસનો હલ કરવાનો જણાવ્યું હતું. શુક્રવારે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ રવિ મલિમઠ અને વિશાલ મિશ્રાના ડિવિઝન બેંચે નિશા બાંરેની અરજી અને રાજ્ય સરકારની અપીલ સુનાવણી કરી હતી. આ સુનાવણી દરમિયાન, હાઈકોર્ટે સરકારને કહ્યું હતું કે ૨૩ ઓક્ટોબર સુધી નિશા બાંગરેનું રાજીનામું અને ચાર્જશીટ અંગે નિર્ણય લેવો પડશે.

**નિશાને જેલ તક જવું પડ્યું**

નિશાએ પોતાનું રાજીનામું મેળવવા માટે સખત સંઘર્ષ કરવો પડ્યો. આ માટે તેણે આમલાથી ભોપાલ તરફ પગપાળા ન્યાય માટે યાત્રા પમ કરી માત્ર એટલું જ નહીં, નિશાએ સીએમ હાઉસની સામે મોતને ઘાટ ઉતારવાની ચેતવણી આપી હતી, ત્યારબાદ પોલીસ દ્વારા તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. નિશાને એક દિવસ જેલમાં વિતાવવો પડ્યો.

# ગણદેવી તાલુકા ખેડૂત સહકારી સંઘના ૭૫માં અમૃત મહોત્સવ સમારોહમાં પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળીયા તથા નવસારીના સાંસદ સી.આર.પાટીલ ઉપસ્થિત રહયા

। સુરત, તા.૨૪ ।

પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા તથા નવસારીના સાંસદશ્રી સી.આર.પાટીલ ગણદેવી તાલુકા ખાતે ખેડૂત સહકારી સંઘ લી. ના ઉજવાઈ રહેલ ૭૫માં વર્ષના અમૃત મહોત્સવ સમારોહમાં વિશેષ ઉપસ્થિત રહયા હતા.

ગણદેવી તાલુકા ખેડૂત સહકારી સંઘ લી.ના પ્રાંગણમાં યોજાયેલા સમારોહમાં મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, ગણદેવી તાલુકાના સભાસદ માટે 'ગણદેવી તાલુકા ખેડૂત સહકાર સંઘ લી.' આશીર્વાદરૂપ બની છે. લોકાભિમુખ વહીવટ દ્વારા ગણદેવી વિસ્તારના ખેડૂત લોકોની જરૂરિયાતો સંતોષી આ મંડળીએ દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર ગુજરાતમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન મેળવ્યું છે. ૭૫ વર્ષ પહેલા ગણદેવીની ધરા પર સહકારી ના બીજ રોપાયા બાદ ગણદેવી તાલુકા ખેડૂત સહકાર સંઘ લી આજે વટવૃક્ષ બની ખેડૂતોની તથા સભાસદોની સેવા કરી રહી છે. આવા અમૃત મહોત્સવમાં આપ સૌ સમક્ષ હાજર રહી ગર્વની લાગણી અનુભવી રહ્યો છે સાથે ગણદેવી તાલુકા ખેડૂત સહકાર સંઘ લી આજ રીતે કુશળતાપૂર્વક વહીવટ કરી ખેડૂતોના સર્વાંગી વિકાસ માં મહત્વનું યોગદાન આપતું રહે એવી શુભેચ્છાઓ પાઠવું છું.

આ પ્રસંગે સમારોહના ઉદ્દઘાટકશ્રી તથા નવસારીના સાંસદશ્રી સી.આર. પાટીલે જણાવ્યું કે ગુજરાતનું સહકારી માળખું મજબૂત છે. દૂધ મંડળીઓ, સહકારી બેંકો, સુગર ફેક્ટરીઓ જેવા સહકારી એકમોએ રાજ્યના આર્થિક વિકાસમાં મહામૂલું યોગદાન આપ્યું છે એમ તેમણે ઉમેર્યું હતું. ૭૫વર્ષ પૂર્ણ કરવાની ગૌરવભરી સિદ્ધિ મેળવવા બદલ ગણદેવી તાલુકા ખેડૂત સહકાર સંઘ મંડળીને શુભકામનાઓ પાઠવી ઉતરોત્તર પ્રગતિ કરે તેવી તેમણે અભિલાષા વ્યક્ત કરી હતી. વધુમાં ગુજરાત અને એમાં પણ દક્ષિણ ગુજરાતને સહકારી પ્રવૃત્તિઓની તપોભૂમિ ગણાવ્યું હતું.





। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૪ ।

વિશ્વ હિન્દુ પરિષદ અને માં શક્તિ શેરી ગરબા નગરપાલિકા વિસ્તાર દ્વારા આયોજિત કન્યા પુજન અને શસ્ત્ર પુજન કાર્યક્રમ યોજાયો જેમા ૧૨૧ શક્તિ કન્યાનુ મંત્રોચ્ચાર સાથે પગ ધોઈ પુજન કરવામાં આવ્યુ અને શસ્ત્ર પુજન અને પારંપરી ગરબા કરવામા આવ્યા જેમા બહેનોએ માથે ગરબો અને ભાઈઓ હાથમા તલવાર સાથે ગરબા રમ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## પાવાગઢમાં ભીડમાં વિખૂટા પડેલાં ૨૦૦થી વધુ યાત્રાળુઓનો પોલીસે પરિજન સાથે ભેટો કરાવ્યો

। પાવાગઢ, તા.૨૪ ।

નવરાત્રિ દરમિયાન યાત્રાધામ પાવાગઢ ખાતે ભારે ભીડ વચ્ચે વિખૂટા પડેલાં ૨૦૦થી વધુ યાત્રાળુઓનો પોલીસે ભેટો કરાવ્યો છે. વિખુટા પડેલા મોટાં ભાગે બાળકો મહીલાઓ અને સિનિયર સિટીઝન હતા. નવરાત્રિ નિમિત્તે યાત્રા ધામ પાવાગઢ ખાતે નવ દિવસ સતત દર્શનાર્થીઓનો ઘસારો જોવા મળ્યો હતો. રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર સહિતના રાજયોમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. લાખોની સંખ્યામાં ભકતોની ભારે ભીડ વચ્ચે કેટલાક યાત્રાળુઓ પરિવારથી વિખુટા પડી ગયા હતા. મોબાઈલ નેટવર્કનાં અભાવે યાત્રાળુઓનો એક બીજા સાથે સંપર્ક થઈ શક્યો ન હતો. તેવામાં પંચમહાલ પોલીસ જવાનો બંદોબસ્તની જવાબદારી સાથે ભીડ વચ્ચે વિખૂટા પડેલા યાત્રાળુ ઓને તેમનાં પરિજનો સાથે ભેટો કરાવ્યો છે. માંચી ખાતે પાવાગઢ ચોકી પાસે પોલીસ દ્વારા અલાયદા સહાયતા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું જ્યાં પથી વિખુટા પડેલા યાત્રાળુઓને પોલીસ સહાયતા કેન્દ્રમાં લાવવામાં આવ્યા અને ત્યારબાદ માઈક મારફતે જાહેરાત કરી પરિજનને પોલીસ સહાયતા કેન્દ્રમાં આવવા માટે જણાવવામાં આવતું.

## દેવગઢ બારિયા ખાતે ૧૮મો ગ્રામીણ ઓલિમ્પિક યોજાયો

। દેવગઢ બારિયા, તા.૨૪ ।

ગ્રામીણ ઓલિમ્પિકમાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યુ છે અને વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર પણ આપવામાં આવશે. આ ગ્રામીણ ઓલિમ્પિકમાં ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, લાંબી કુદ અને તીરંદાજી, ભાઈઓ માટે ૧૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, ગોફણ ફેંક, ગીલ્લોલ, તીરંદાજી, લાંબી દોડ રસ્સાખેંચ, ખો-ખો, કબડ્ડી, ગીલી દડો અને સાઈકલ પોલો જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત અને જિલ્લા વહિવટી તંત્ર દાહોદ દ્વારા રમત ગમત સંકૂલ દેવગઢ બારિયા ખાતે ૧૮મા ગ્રામીણ ઓલમ્પિક્નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય કક્ષાના કૃષિ અને પંચાયત મંત્રી બચુ ખાબડ ઉપસ્થિત રહ્યા હતા.



દશેરા નીમીતે હોમગાર્ડમાં શસ્ત્ર પુજન આઇપીએસ મનોજ અગ્રવતના હસ્તે કરવામાં આવ્યુ.

**મોટી કરચોરી પકડાવાની શક્યતા**

## ફટાકડાની ફેક્ટરી પર ત્રાટક્યું જીએસટી વિભાગ

### દરોડા દરમિયાન હાજર કર્મચારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા, રાકેશ ક્રેકર્સ ગુજરાતના નામાંકિત ફટાકડાના વેપારી છે

। વડોદરા, તા.૨૪ ।

તહેવારની સિઝન ટાણે રાજ્યમાં જીએસટી વિભાગ સક્રિય થયું છે. જેને લઈ વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. વડોદરા સાવલીમાં જીએસટી વિભાગે દરોડા પાડ્યા છે. સાવલી ખાતે આવેલી રાકેશ ફટાકડાની ઓફિસ ખાતે જીસએટી ટીમ ત્રાટકી છે અને ઓફિસ તેમજ સાવલી ખાતે આવેલ અલગ અલગ ગોડાઉનમાં સર્ચ હાથ ધર્યું છે. દરોડા દરમિયાન હાજર કર્મચારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા. રાકેશ ક્રેકર્સ ગુજરાતના નામાંકિત ફટાકડાના વેપારી છે. હાલ જીએસટી વિભાગની સર્ચ કાર્યવાહી ચાલુ છે અને તપાસના અંતે મોટી કરચોરી હાથ લાગવાના સંકેતો છે. ગુજરાત સ્ટેટ જીએસટી અધિકારીઓએ અમદાવાદના ૫૭ સહિત રાજ્યભરમાં ૭૯ મોબાઈલ ફોન શોપ માલિકો પર દરોડા પાડીને તેમના દ્વારા કરવામાં આવેલી જીએસટી ચોરી શોધી કાઢી છે. મોબાઈલ ફોન શોપના સંચાલકો કોઈપણ બિલ વગર જ રોકડ પર મોબાઈલ વેચીને કરોડો રૂપિયાની જીએસટી ચોરી કરી રહ્યા હતા. તપાસ દરમિયાન રૂ. ત્રણ કરોડની વસૂલાત કરવામાં આવી છે. ૫૦૦ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે. અમદાવાદના બિલ વગરના મોબાઈલ ખરીદ વેચાણ માટે કુખ્યાત મૂર્તિમંત માર્કેટ ઉપરાંત શહેરના ઘણા ઠેકાણે જીએસટી અધિકારીઓ ત્રાટ્યા હતા. તેમની ભેદી તપાસ અંતર્ગત સિનિયર અધિકારીઓને પણ સાચી માહિતી ન આપવામાં આવી હોવાનો ગણગણાટ ડિપાર્ટમેન્ટમાં શરૂ થઈ ગયો છે. સ્ટેટ જીએસટીના અધિકારીઓ દ્વારા તાજેતરમાં જ ભંગાર તેમજ જુદી જુદી બ્યુટી ટ્રીટમેન્ટ આપતી સંસ્થાઓ અને અન્ય કોમોડિટીઝ પર દરોડા પાડીને કરોડોની જીએસટી ચોરી સુધી કાઢી હતી. કરોડ રૂપિયાની વસૂલાત પણ કરવામાં આવી છે ત્યારે જ અધિકારીઓના ધ્યાનમાં આવ્યું હતું કે અમદાવાદ સહિત રાજ્યભરમાં હજારો કરોડના મોબાઈલ વરસે દહાડે વેચાઈ રહ્યા છે. મોબાઈલનું આટલું મોટું માર્કેટ હોવા છતાં મોબાઈલનું વેચાણ કરતા તેમજ મોબાઈલની એસેસરીઝનું વેચાણ કરતા વેપારીઓ જેટલું વેચાણ થાય છે તેટલી જીએસટી ભરતા નથી. વેપારીઓ મોબાઈલનું અને મોબાઈલ એસેસરીઝનો વેચાણ રોકડેથી કરતા હોવાથી તેની કોઈ જ એન્ટ્રી પાડતા નથી.

**મોટી કર ચોરી ઝડપાવાના મળ્યા સંકેત**

## સાવલીમાં ફટાકડાના વેપારીને ત્યાં GST વિભાગના દરોડા

### રાકેશ ફટાકડાની ઓફિસ પર GST વિભાગે દરોડા પાડતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે

। વડોદરા, તા.૨૪ ।

નવરાત્રીનો પર્વ પૂર્ણ થયો છે અને હવે દિવાળીનો પર્વ નજીક જ છે. ત્યારે ફટાકડાનું વેચાણ પણ શરુ થઈ ગયુ છે. જો કે બીજી તરફ વડોદરાના સાવલીમાં ફટાકડાના વેપારીને ત્યાં GST વિભાગે દરોડા પાડ્યા છે.

રાકેશ ફટાકડાની ઓફિસ પર GST વિભાગે દરોડા પાડતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. નવરાત્રીનો પર્વ પૂર્ણ થયો છે અને હવે દિવાળીનો પર્વ નજીક જ છે. ત્યારે ફટાકડાનું વેચાણ પણ શરુ થઈ ગયુ છે. જો કે બીજી તરફ વડોદરાના સાવલીમાં ફટાકડાના વેપારીને ત્યાં GST વિભાગે દરોડા પાડ્યા છે. રાકેશ ફટાકડાની ઓફિસ પર GST વિભાગે દરોડા પાડતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છેવડોદરાના સાવલીમાં ફટાકડાના વેપારીને ત્યાં ૃST વિભાગે સર્ચ ઓપરેશન શરુ કર્યુ છે. ઓફિસ તેમજ અલગ અલગ ગોડાઉનમાં સર્ચ હાથ ધરવામાં આવ્યુ છે.

**પાલનપુરમાં બ્રિજ ધરાશાયી થવાનો મામલો**

## પાલનપુર બ્રિજ ધરાશાયી મામલે ૧૧ લોકો સામે ફરિયાદ, નામ ઉમેરાય તેવી શક્યતા

### પોલીસ આ ઘટના અંગેના પુરાવાઓ એકત્રિત કરી રહી છે, પુરાવા મળ્યા બાદ પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરવામાં આવશે

। બનાસકાંઠા, તા.૨૪ ।

પાલનપુરમાં બ્રિજ ધરાશાયી થવા મામલે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તેમાં સદોષ માનવવધની કલમ પણ રાખવામાં આવી છે. જી.પી, સી કંન્સ્ટ્રક્શનના સાત ડિરેક્ટરો અને એન્જિનિયરો સામે ૩૦૪ કલમ હેઠળ ફરિયાદ નોંધાઈ છે..હાલ ૧૧ જેટલા લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લા પોલીસે આ મામલે પ્રેસ કોન્ફરસ યોજી હતી અને સમગ્ર ઘટના વિશે જાણકારી આપી હતી. પ્રાથમિક તબક્કો ગાંધીનગર આરએનબી વિભાગની ટેક્નિકલ ટીમે સર્વે કર્યો છે. તેમાં ક્વોલિટી કન્ટ્રોલના સેમ્પલ લેવામાં આવ્યા છે. તેને આધારે રિપોર્ટ કરવામાં આવશે અને અન્ય આરોપીના નામ ઉમેરાય તેવી શક્યતા છે. હાલ પોલીસ આ ઘટના અંગેના પુરાવાઓ એકત્રિત કરી રહી છે. પુરાવા મળ્યા બાદ પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરવામાં આવશે.

**રાતે 3 વાગ્યે મહિલા પાસે હોટલમાં યુવાન પહોચ્યો**

## નરોડાની હોટલમાં રહેતા કપલને અડધી રાતે કડવો અનુભવ થયો

। અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદના નરોડાની હોટલમાં રહેતા એક કપલને અડધી રાતે મોટો કડવો અનુભવ થયો હતો. ઘેર ફર્નિચરનું કામ ચાલું હોવાથી આ કપલે હોટલને રહેઠાણ બનાવ્યું હતું અને છેલ્લા દોઢ મહિનાથી હોટલમાં રહેતું હતું. પરંતુ ગઈ કાલે તેમને હોટલમાં એક કડવો અનુભવ થયો હતો. રાતે ૩ વાગ્યે પત્નીને ભૂખ લાગી હોવાથી પતિ નાસ્તો લેવા નીચે ગયો હતો તેટલામાં પાર્થ પટેલ નામનો આરોપી હોટલની પાઈપ પર ચઢીને ચોથા માળે આવી ગયો હતો અને બારીમાંથી રુમમાં કૂદી આવ્યો અને મહિલા પાસે સેક્સની ડિમાન્ડ કરવા લાગ્યો હતો. ૨૬ વર્ષીય યુવતીએ નરોડા પોલીસ સ્ટેશનમાં કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના ઘરમાં કોઈ કામ ચાલતું હોવાથી તે દોઢ મહિનાથી નરોડા-મુથુયા વિસ્તારની હોટલમાં રહે છે. સોમવારે બપોરે ૩:૩૦ વાગ્યાની આસપાસ, તેનો પતિ થોડો નાસ્તો લેવા નીચે ગયો હતો.

**અમદાવાદમાં હવા પ્રદુષણમાં વધારો**

## પીરાણા વિસ્તારમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ ૨૩૯ પોઇન્ટે પહોંચ્યો

। અમદાવાદ, તા.૨૪ ।

રાજ્યમાં સતત હવા પ્રદુષણમાં વધારો થઈ રહ્યો છે, રાજ્યના મોટા શહેરોમાં હવા પ્રદુષણના આંકડાઓ ચોંકાવનારા રહ્યાં છે, હવે આ લિસ્ટમાં અમદાવાદમાં ચિંતા ખુબ વધી ગઈ છે. શહેરના પીરાણા વિસ્તારમાં હવાની ગુણવત્તા સતત કથળી રહી છે, હાલમાં સામે આવેલા આંકડા પ્રમાણે પીરાણા વિસ્તારમાં હવાનું પ્રદુષણ ૨૩૯ પૉઈન્ટથી ઉપર નીકળ્યુ છે. જે શહેરીજનો માટે ખતરનાક સાબિત થઈ શકે છે. મળતી માહિતી પ્રમાણે, અમદાવાદ શહેરમાં એર પૉલ્યૂશનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદના પીરાણા વિસ્તારમાં હવાનું પ્રદૂષણ ચિંતાજનક સ્થિતિએ પહોંચ્યુ છે.

**છેલ્લા નોરતે રૂપાલ ગામમાં ઘીની નદીઓ વહી**

## વરદાયિની માતાજીની પલ્લીમાં હજારો લોકોએ કર્યો લાખો લિટર ઘીનો અભિષેક

। ગાંધીનગર, તા.૨૪ ।

પાંડવ કાળથી શરૂ થયેલી વરદાયિની માતાની પલ્લીની પરંપરા આજે પણ રૂપાલ ગામમાં જીવંત છે. પ્રતિવર્ષ નવમા નોરતે વરદાયિની માતાજીની પલ્લી ભરાય છે. દર વર્ષે લાખોની મેદની વચ્ચે નીકળતી વરદાયિની માતાજીની પલ્લી આ વર્ષે પણ ગઈકાલે નવમા નોરતે કાઢવામાં આવી હતી. જેનાં દર્શનનો લ્હાવો લેવા હજારો લોકો ઊમટ્યા હતા. માતાની પલ્લી મંદિરથી નીકળીને ગામના ૨૭ ચોકમાંથી પસાર થઈ હતી. આ દરમિયાન લાખો લિટર ઘીનો અભિષેક કરાયો હતો. વહેલી સવાર થતાં જ રૂપાલ ગામના તમામ રસ્તાઓ પર ઘીની નદીઓ વહેતી હોય એવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ગઈકાલે નવમા નોરતે રાત્રે ઉનાવાના ઠાકોર સમાજના લોકો દ્વારા વરદાયિની માતાજીની પલ્લીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. જે બાદ માતાજી દર્શન આપવા માચે નીકળા હતા. આ દરમિયાન હજારો લોકો માતાજીના દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા.

# લિવ ઈન પાર્ટનરે ૨૯ વર્ષીય યુવતીની હત્યા કરીને લાશ સળગાવી

### મરનાર યુવતી અલ્પા મકવાણા મૂળ અમદાવાદ નજીકના મૌરૈયાની છે અને તે રાજકોટના પડધરીમાં મેહુલ ચોટલિયા સાથે લિવ ઈનમાં રહેતી હતી

। રાજકોટ, તા.૨૪ ।

રાજકોટના પડધરીમાં અમદાવાદની ૨૯ વર્ષની યુવતીની હત્યાનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. ૯ ઓક્ટોબરના રોજ પડધરીની ભાગોળમાંથી અર્ધી બળેલી યુવતીની લાશ મળી આવી હતી જે પછી ચકચાર મચી હતી તે આ યુવતી કોણ છે અને તેની હત્યા કોણે અને કેમ કરી. પરંતુ પોલીસે અર્ધી સળગેલી ટ્રોલી બેગને આધારે લાશનો ભેદ ઉકેલી નાખ્યો છે.

ફોરેન્સિક એનાલિસિસ અને સમાંતર તપાસને આધારે પોલીસે યુવતીના લિવ-ઈન પાર્ટનર કહેવાતા હત્યારા મેહુલ ચોટાલિયા (ઉ.વ.૩૨)ને ઝડપી લીધો હતો. શહેરની એક હોટલમાં મેનેજર કમ એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા ચોટાલિયાએ મહિલા અલ્પા ઉર્ફે આયેશા મકવાણા વચ્ચે કોઈ બાબતે ઝઘડો થતાં ૩૨ ઓક્ટોબરના રોજ તેનું ગળું દબાવી હત્યા કરી હતી. મેહુલ અને અલ્પા ૧૮ મહિનાથી લિવ ઈન રિલેશનશિપમાં હતા, પરંતુ તાજેતરમાં જ તેમની વચ્ચે તેમની વચ્ચે સામાન્ય વાતે ઝગડો થયો હતો. ઝગડામાં અલ્પાએ મેહુલને થપ્પડ મારી હતી જે પછી તે મેહુલ એટલો ઉશ્કેરાઈ ગયો કે તેણે અલ્પાનું ગળું દબાવીને મારી નાખી હતી. હત્યા બાદ મેહુલ અલ્પાની લાશ બે દિવસ ઘરમાં મૂકી રાખી હતી કારણ કે તેને નિકાલનો કોઈ આઈડિયા મળતો નથી. બે દિવસ પછી લાશ સડતાં લાગતાં અને તેમાંથી દુર્ગંધ આવતાં તેને ફાળ પડી કે પોતાની પોલ પકડાઈ જશે અને પડોશીઓ પોલીસને જાણ કરશે આવી તેણે અલ્પાની લાશનો નિકાલનો એક આઈડિયા શોધી કાઢ્યો. અલ્પાની હાઈટ નાની હોવાથી મેહુલને એક આઈડિયા સૂઝી આવ્યો અને તે એક નવી ટ્રોલી બેગ ખરીદી લાવ્યો હતો અને ટ્રોલી બેગમાં અલ્પાને લાશ પૂરીને તેનો નિકાલ કરવા પડધરીની બહાર ગયો હતો. સાથે તેણે થોડા લાકડાં પણ ખરીદ્યાં હતા.

અલ્પાની હત્યા કર્યા બાદ મેહુલ લાશને બે દિવસ સુધી પોતાના ઘરમાં જ રાખી હતી. જો કે, લાશ સડવા લાગી અને દુર્ગંધ આવવા લાગી, પડોશીઓ પોલીસને જાણ કરશે તેવા ડરથી તેણે તેનો નિકાલ કરવાનું નક્કી કર્યું. ૧૧ ઓક્ટોબરની સાંજે તે બેગને પોતાના ઘરમાંથી પોતાની એસયુવીમાં ખેંચીને પડધરી નજીક એક અલગ જગ્યાએ જતો રહ્યો હતો. અહીં, તેણે બેગ પર લાકડાના ટુકડાઓ ગોઠવ્યા, તેના પર પેટ્રોલ રેડ્યું, અને તેને આગ ચાંપી દીધી હતી. પરંતુ લાશ બરાબર બળી છે કે નહીં તે જોવા પણ ન ઊભો રહ્યો. હકીકતમાં ટ્રોલી બેગમાં રાખેલી લાશ પૂરી સળગી નહોતી, અડધી જ સળગી હતી અને તપાસમાં પોલીસને તે અર્ધ બળેલી બેગ મળી આવી અને આ રીતે હત્યારાનો ભાંડો ફૂટી ગયો અને તે ઝડપાઈ ગયો.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો




આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર “ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત” દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com


માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨